# A
# GUIDE TO
# ENGLISH TEACHER

## એ ગાઈડ ટુ ઈંગ્લીશ ટીચર.

(શીક્ષકની મદદ વગર ઇંગ્રેજી શીખવાનું પુસ્તક)

ગુજરાતી ભણેલા, વેપારી તથા થોડું ઘણું અંગ્રેજી જાણનારા

માટે

**ગુજરાતી તથા ઇંગ્રેજીમાં.**


બનાવનાર.

લાલજી વઇયાણી બુકસેલર.

તથા

મોતીલાલ મગનલાલ,

મુંબઇ.



આવૃત્તિ પહેલી    ત ૨૦૦૦

સંવત ૧૯૬૨    સને ૧૯૦૬.

કીંમત રૂ. ૧—૮—૦

અમદાવાદ
શ્રી "જૈન" પ્રિન્ટિંગ પ્રેસ.

# પ્રસ્તાવના.

પોતાની મેળે અંગ્રેજી શીખવાના પુસ્તકો હાલમાં એક પછી એક નીકળતાં જાય છે. અને તેનો બહોળો ફેલાવો પણ થતો જાય છે. તેથી મેં પણ જનસમુહની આગળ મારો પ્રયત્ન સફળ કરવા મહેનત લીધી છે. આજકાલ લગભગ ઘણે સ્થળે અંગ્રેજ સરકારનું રાજ્ય થવાથી લોકોને ઇંગ્રેજી શીખવા તરફ ઘણી અભિલાષા થાય તેમાં નવાઈ નથી કારણકે જેનું રાજ્ય તેની ભાષા અવસ્થે કરીને જાણવીજ જોઈએ. પણ કેટલાક ગરીબ મા બાપના છોકરાઓ થોડું ઘણું ગુજરાતી શીખીને પછી અભ્યાસ છોડી દે છે. તેઓને ઘેર બેઠે શીક્ષકની મદદ શીવાય થોડે ખરચે આ પુસ્તકમાંથી ઇંગ્રેજી ભાષાનું જ્ઞાન લઇ શકે તેમ છે. તેમજ વેપારી વર્ગને પણ આ પુસ્તક ઘણું ઉપયોગી છે.

અત્યાર સુંધીમાં આવી જાતનાં પાંચ છ પુસ્તકો નીકળી ચુકયાં છે. પણ શરૂ આતથી ઇંગ્રેજી શીખનારને જેવી સવડતા જોઇએ તેવી સવડતાની ખામી છે. આ પુસ્તકમાં વ્યાકરણની સમજુતી સાથે પાઠ આપેલા છે. તેથી શીખરનારને ઘણું સહેલું થઇ પડશે.

આ પુસ્તક તૈયાર કરવામાં ઘણા અંગ્રેજી પુસ્તકોની મદદ લીધી છે જેને માટે તેઓનો અંતઃકરણથી આભાર માનવામાં આવે છે.

આ પુસ્તક ઘણી ટુંકી મુદતમાં બહાર પાડવાથી તેમાં જે કંઇ ભુલ રહી ગઈ હોય તે વાંચકો સુધારીને વાંચશે. એવી મારી ખાસ વિનંતી છે.

પ્રસીદ્ધ કર્ત્તા.

# શીખનારને સુચના.

શરૂઆતથી ઈંગ્રેજી શીખનારને પ્રથમ પહેલી તથા બીજી એ, બી, સી ડી ઓળખતા તથા લખતાં શીખવી જેથી ચોપડીના અક્ષરની તરત જાણ પડે પછી ત્રીજી તથા ચોથી એ બી સી ડી જે લખવાના કામમાં આવે છે તે ઓળખતાં તથા લખતાં બરાબર પાકી શીખવી. પછી તેમના ગુજરાતી શા શા ઉચાર થાય છે તે શીખવાં અને પછી ઈંગ્રેજી શબ્દના ઉચ્ચાર તથા જોડણી તથા અર્થ શીખવાં.

પહેલા થોડા પાઠમાં એક પછી શબ્દો આપેલા છે. તેમના ઉચ્ચાર શીખ્યા પછી વધારે પદવાળા ( મોટા શબ્દ ) શીખવાની કોશીશ કરવી દરેક પાઠની સાથે વ્યાકરણની પણ સમજુતી આપેલી છે. તેના ઉપર ખાસ ધ્યાન આપવું. કારણ કે વ્યાકરણના જ્ઞાનથી ભાષા ઝટ શીખી શકાય છે. તેમજ સ્પષ્ઠ બોલતાં પણ આવડે છે.

ઇંગ્રેજી શીખનારે પોતાના અભ્યાસમાં ઉતાવળ કરવી નહીં. થોડું થોડું શીખવું પણ બરાબર પાકું શીખવું.

આ પુસ્તકમાં જે શબ્દ એક વાર પાઠમાં આવી ગયો હોય તે પછીના પાઠમાં આપ્યો નથી માટે વાંચનારે તે પહેલાના પાઠમાંથી જોઇ લેવો.

અંગ્રેજીમાં જોડણી વીષે ગુજરાતીની માફક નથી ગુજરાતીમાં રસ્વને બદલે દીર્ઘ ચાલે પણ ઈંગ્રેજીમાં તેમ થતું નથી માટે જોડણી ઉપર ખ્યાસ ધ્યાન આપવું જોઇએ. તો શીખનારને થોડી મુશીબત પડશે.

# અનુક્રમણીકા.

# એ ગાઇડ ટુ ઇંગ્લિશ ટીચર.

# A GUILE TO ENGLISH TEACHER
## FOR
## STUDENTS AND OTHERS.

### IN GUJARATI AND ENGLISH.

---

( Containing a large Numbr of Words and Phrases to enable a beginner to learn English Language Without the help of a Tutor.)

( શીક્ષકની મદદ સિવાય ઇંગ્રેજી શીખવાનું પુસ્તક. )

---

મૂળાક્ષર વિષે.

## THE ALPHABET (ધી આલ્ફાબેટ).

---

ગુજરાતી ભાષામાં વાંચવા તથા લખવામાં જેમ એકજ જાતના મૂળાક્ષરો વપરાયછે, તેમ ઇંગ્રેજી ભાષામાં નથી. ઇંગ્રેજી ભાષામાં ચાર જાતના મૂળાક્ષરો વપરાયછે. તેમાંના પહેલી બે જાતના મૂળાક્ષરો વાંચવાના (છાપવાના) કામમાં આવે છે; અને બાકીના બે જાતના લખવાના કામમાં આવે છે.

ઇંગ્રેજી ભાષામાં દરેક મૂળાક્ષરની સંખ્યા ૨૬ (છવીસ) છે.

## ઇંગ્રેજી મૂળાક્ષર (છાપવાના) મોટા.

| એ, | બી, | સી, | ડી, | ઇ, | એફ, | જી, | એચ, | આઈ, |
|---|---|---|---|---|---|---|---|---|
| A | B | C | D | E | F | G | H | I |
| જે, | કે, | એલ, | એમ, | એન, | ઓ, | પી, | ક્યુ, | આર, |
| J | K | L | M | N | O | P | Q | R |
| એસ, | ટી, | યુ, | વી, | ડબલ્યુ, | એક્સ, | વાય, | ઝેડ. | |
| S | T | U | V | W | X | Y | Z | |

ઉપર લખેલા છવીસ અક્ષરો છાપવાના કામમાં આવે છે અને તેને મોટી એ, બી, સી, ડી (કેપીટલ લેટર્સ) કહે છે.

## ઇંગ્રેજી મુળાક્ષરો (છાપવાના) નાના.

| એ, | બી, | સી, | ડી, | ઇ, | એફ, | જી, | એચ, | આઇ, |
|---|---|---|---|---|---|---|---|---|
| a | b | c | d | e | f | g | h | i |
| જે, | કે, | એલ, | એમ, | એન, | ઓ, | પી, | ક્યુ, | આર, |
| j | k | l | m | n | o | p | q | r |
| એસ, | ટી, | યુ, | વી, | ડબલ્યુ, | એક્સ, | વાય, | ઝેડ. | |
| s | t | u | v | w | x | y | z | |

ઉપર લખેલા અક્ષરો પણ છાપવાના કામમાં વપરાય છે અને તેને નાની એ, બી, સી, ડી (સ્મોલ લેટર્સ) કહે છે.

છાપવાના બે જાતના મૂળાક્ષરો સિવાય લખવાના બે જાતના મૂળાક્ષરો છે તે નીચે પ્રમાણે:—

## લખવાના મોટા મૂળાક્ષરો.

એ, બી, સી, ડી, ઇ, એફ, જી, એચ, આઇ,
A B C D E F G H I

જે, કે, એલ, એમ, એન, ઓ, પી, ક્યુ, આર,
J K L M N O P Q R

એસ, ટી, યુ, વી, ડબલ્યુ, એક્સ, વાય, ઝેડ.
S T U V W X Y Z

## લખવાના નાના મૂળાક્ષરો.

એ, બી, સી, ડી, ઈ, એફ, જી, એચ, આઈ,
a b c d e f g h i

જે, કે, એલ, એમ, એન, ઓ, પી, ક્યુ, આર,
j k l m n o p q r

એસ, ટી, યુ, વી, ડબલ્યુ, એક્સ, વાય, ઝેડ.
s t u v w x y z

## ઇંગ્રેજી આંકડા.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦

1 2 3 4 5 6 7 8 9 10

# અંગ્રેજી મૂળાક્ષરો તથા તેમના ગુજરાતીમાં થતા ઉચ્ચાર.

| છાપવાના મોટા. | છાપવાના નાના. | ઈટાલીક્સ મોટા. | ઈટાલીક્સ નાના. | ઈંગ્રેજી અક્ષરોના નામ. | ઇંગ્રેજી મૂળાક્ષરના ગુજરાતીમાં થતા ઉચ્ચાર. | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| **A** | a | ***A*** | ***a*** | એ | અ-આ-એ-ઍ-ઓ | પહેલો તથા બીજો કોલમ છાપવાના કામમાં અને ત્રીજો તથા ચોથો કોલમ લખવાના કામમાં વપરાય છે. |
| **B** | b | ***B*** | ***b*** | બી | બ્ | |
| **C** | c | ***C*** | ***c*** | સી | સ્-શ્-ક્ | |
| **D** | d | ***D*** | ***d*** | ડી | ડ્-જ્ | |
| **E** | e | ***E*** | ***e*** | ઇ | ઇ-એ-અ-આ | |
| **F** | f | ***F*** | ***f*** | એફ્ | ફ્ | |
| **G** | g | ***G*** | ***g*** | જી | જ્-ગ્ | |
| **H** | h | ***H*** | ***h*** | એચ | હ્-અ | |
| **I** | i | ***I*** | ***i*** | આઇ | આઇ-ઇ | |
| **J** | j | ***J*** | ***j*** | જે | જ્ | |
| **K** | k | ***K*** | ***k*** | કે | ક્ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| L | l | *L* | *l* | એલ | લ્-ળ્ |
| M | m | *M* | *m* | એમ | મ્ |
| N | n | *N* | *n* | એન | ન્-ઙ |
| O | o | *O* | *o* | ઓ | ઓ-ઑ-ઉ-અ |
| P | p | *P* | *p* | પી | પ્ |
| Q | q | *Q* | *q* | ક્યુ | ક્વ્ ક્ |
| R | r | *R* | *r* | આર | ર્ |
| S | s | *S* | *s* | એસ | સ્-શ્-ઝ્ |
| T | t | *T* | *t* | ટી | ટ્ |
| U | u | *U* | *u* | યુ | અ-યુ-ઉ-એ |
| V | v | *V* | *v* | વી | વ્ |
| W | w | *W* | *w* | ડબલ્યુ | ઉ્ |
| X | x | *X* | *x* | એક્સ | ક્સ્ |
| Y | y | *Y* | *y* | વાય | ઇ-આઇ-ય |
| Z | z | *Z* | *z* | ઝેડ | ઝ્ |

## સ્વર તથા વ્યંજન વિષે.

અંગ્રેજી મૂળાક્ષર શીખ્યા ગઠી તેમાં સ્વર કયા તથા વ્યંજન કયા તે શીખવું જોઇએ તે નીચે જુદા પાડવામાં આવ્યા છે.

---

## Vowels (વાવેલ્સ) સ્વર અક્ષરો.

| એ | ઈ | આઇ | ઓ | યુ | વાય |
|---|---|---|---|---|---|
| **A** | **E** | **I** | **O** | **U** | **Y** |

બાકી રહેલા અક્ષરો વ્યંજન (કોન્સોનન્ટસ) Consonants કહેવાય છે તે નીચે પ્રમાણે.

## Consonants (કૉન્સોનૅન્ટસ) વ્યંજન.

| બી | સી | ડી | એફ | જી | એચ | જે | કે | એલ |
|---|---|---|---|---|---|---|---|---|
| **B** | **C** | **D** | **F** | **G** | **H** | **J** | **K** | **L** |

| એમ | એન | પી | કયુ | આર | એસ | ટી | વી |
|---|---|---|---|---|---|---|---|
| **M** | **N** | **P** | **Q** | **R** | **S** | **T** | **V** |

| ડબલ્યુ | એકસ | ઝેડ |
|---|---|---|
| **W** | **X** | **Z** |

ઇંગ્રેજીમાં નીચેના મૂળાક્ષરો માટે ખાસ જોડાક્ષરો વપરાય છે.

| ખ | ઘ | ચ | છ | ઠ—થ |
|---|---|---|---|---|
| **Kh** | **Gh** | **Ch** | **Chh** | **Th** |

| ઢ—ધ | ફ | ભ | શ—ષ |
|---|---|---|---|
| **Dh** | **Ph** | **Bh** | **Sh** |

---

## ઇંગ્રેજી મુળાક્ષરો જોડીને નામ, ગામ, ઠેકાણું વગેરે લખવાની સમજુતી.

આગળ જે ચાર જાતનાં મૂળાક્ષરો આપી ગયા છે. તેમાં પહેલા બે જાતના અક્ષરો ફકત છાપેલું વાંચવામાં વપરાય છે, અને બીજા બે જાતનાં કાગળ-પત્રો વગેરે લખવામાં વપરાય છે. એમાં પહેલા અક્ષરો "કેપીટલ" (મોટા) કહેવાય છે. અને તેની જોડના અક્ષરો "સ્મૉલ" (નાના) કહેવાય છે, વાક્ય, વિશેષનામ, દિવસ, મહિના, ભાષા, કવિતા, ઇશ્વરનું નામ ચોપડીનો ખીતાબ તથા ડીગ્રી વગેરેમાં પહેલો અક્ષર "કેપીટલ" (મોટા) વપરાય છે. અને ત્યાર પછી બાકીનાં બીજા "નાના" અક્ષરો વપરાય છે.

જેમકે—Cat. Hat. Raman. May. Surat. God. એ હરેકમાં પહેલો અક્ષર "કેપીટલ" (મોટા) છે. અને બાકીના બીજા જોડેલા અક્ષરો "નાના" છે ☞

| | |
|---|---|
| છાપેલા અક્ષરનો નમુનો. | Calcutta. |
| લખવાના ,, ,, | *Calcutta.* |

માણસનાં નામ, ગામનાં નામ, ઠેકાણાં વગેરે લખતાં શીખવા માટે ગુજરાતી મૂળાક્ષરો તથા બારાખડી નીચે આપ્યા છે, તે પ્રમાણે અક્ષરો જોઇ ઇંગ્રેજીમાં નામ-ની જોડણી કરવી. નામ અને ગામની જોડણી ઇંગ્રેજીમાં એકજ રીતે થતી નથી પણ ઘણા બીજી રીતે પણ કરે છે, જેથી ઉચ્ચાર બરોબર થઇ શકે એવી રીતે અક્ષરોની જોડણી કરવી, જેમ કે:—

| | | | |
|---|---|---|---|
| Sitaram / સીતારામ | Si-ta-ram / સી-તા રામ | Ramoo / રામુ | Ra-moo / રા-મુ |
| Surat / સુરત | Su-rat. / સુ-રત | Naroda / નરોડા | Na-ro-da. / ન-રો-ડા. |

એ પ્રમાણે ધ્યાન આપવાથી નામ, સરનામાં, વગેરેની જોડણી શીખવાનું ઘણું સેહેલુ થઈ પડશે.

## જોડાક્ષર વિષે.

ગુજરાતીમાં જે બે અક્ષરો જોડાયેલા આવે તેની અંગ્રેજીમાં જોડણી કરતી વખતે તે બે અક્ષરોને માટે જે અંગ્રેજી અક્ષર હોય તે જોડે લખવા પણ તેમની વચ્ચે સ્વર મુકાય નહી. જેમકે Pro (પ્રો) Sri (શ્રી) વીગેરે.

---

## ગુજરાતી સ્વરો તેની ઇંગ્રેજી જોડણી સાથે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| a | a | i | ee | u | oo | e | ai | o | au | am | ah. |
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | એ | ઐ | ઓ | ઔ | અં | અઃ |

---

## ગુજરાતી વ્યંજનો તેની ઇંગ્રેજી જોડણી સાથે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ka | kha | ga | gha | cha | chha | ja | jha | ta | tha |
| ક | ખ | ગ | ઘ | ચ | છ | જ | ઝ | ટ | ઠ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| da | dha | na | ta | tha | da | dha | na | pa | pha | ba | bha | ma |
| ડ | ઢ | ણ | ત | થ | દ | ધ | ન | પ | ફ | બ | ભ | મ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ya | ra | la | va | sha | sha | sa | ha | la | ksha | dna |
| ય | ર | લ | વ | શ | ષ | સ | હ | ળ | ક્ષ | જ્ઞ |

---

## બારાખડી Syllable (સીલેબલ)

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ka | ka | ki | kee | ku | koo | ke | kai | ko | kau | kam | kah |
| ક | કા | કિ | કી | કુ | કૂ | કે | કૈ | કો | કૌ | કં | કઃ |
| kha | kha | khi | khee | khu | khoo | khe | khai | kho | khau | kham | khah |
| ખ | ખા | ખિ | ખી | ખુ | ખૂ | ખે | ખૈ | ખો | ખૌ | ખં | ખઃ |
| ga | ga | gi | gee | gu | goo | ge | gai | go | gau | gam | gah |
| ગ | ગા | ગિ | ગી | ગુ | ગૂ | ગે | ગૈ | ગો | ગૌ | ગં | ગઃ |
| gha | gha | ghi | ghee | ghu | ghoo | ghe | ghai | gho | ghau | gham | ghah |
| ઘ | ઘા | ઘિ | ઘી | ઘુ | ઘૂ | ઘે | ઘૈ | ઘો | ઘૌ | ઘં | ઘઃ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| cha | cha | chi | chee | chu | choo | che | chai | cho | chau | cham | chah |
| ચ | ચા | ચિ | ચી | ચુ | ચૂ | ચે | ચૈ | ચો | ચૌ | ચં | ચઃ |
| chha | chha | chhi | chhee | chhu | chhoo | chhe | chhai | chho | chhau | chham | chhah |
| છ | છા | છિ | છી | છુ | છૂ | છે | છૈ | છો | છૌ | છં | છઃ |
| ja | ja | ji | jee | ju | joo | je | jai | jo | jau | jam | jah |
| જ | જા | જિ | જી | જુ | જૂ | જે | જૈ | જો | જૌ | જં | જઃ |
| jha | jha | jhi | jhee | jhu | jhoo | jhe | jhai | jho | jhau | jham | jhah |
| ઝ | ઝા | ઝિ | ઝી | ઝુ | ઝૂ | ઝે | ઝૈ | ઝો | ઝૌ | ઝં | ઝઃ |
| ta | ta | ti | tee | tu | too | te | tai | to | tau | tam | tah |
| ટ | ટા | ટિ | ટી | ટુ | ટૂ | ટે | ટૈ | ટો | ટૌ | ટં | ટઃ |
| tha | tha | thi | thee | thu | thoo | the | thai | tho | thau | tham | thah |
| ઠ | ઠા | ઠિ | ઠી | ઠુ | ઠૂ | ઠે | ઠૈ | ઠો | ઠૌ | ઠં | ઠઃ |
| da | da | di | dee | du | doo | de | dai | do | dau | dam | dah |
| ડ | ડા | ડિ | ડી | ડુ | ડૂ | ડે | ડૈ | ડો | ડૌ | ડં | ડઃ |
| dha | dha | dhi | dhee | dhu | dhoo | dhe | dhai | dho | dhau | dham | dhah |
| ઢ | ઢા | ઢિ | ઢી | ઢુ | ઢૂ | ઢે | ઢૈ | ઢો | ઢૌ | ઢં | ઢઃ |
| na | na | ni | nee | nu | noo | ne | nai | no | nau | nam | nah |
| ણ | ણા | ણિ | ણી | ણુ | ણૂ | ણે | ણૈ | ણો | ણૌ | ણં | ણઃ |
| ta | ta | ti | tee | tu | too | te | tai | to | tau | tam | tah |
| ત | તા | તિ | તી | તુ | તૂ | તે | તૈ | તો | તૌ | તં | તઃ |
| tha | tha | thi | thee | thu | thoo | the | thai | tho | thau | tham | thah |
| થ | થા | થિ | થી | થુ | થૂ | થે | થૈ | થો | થૌ | થં | થઃ |
| da | da | di | dee | du | doo | de | dai | do | dau | dam | dah |
| દ | દા | દિ | દી | દુ | દૂ | દે | દૈ | દો | દૌ | દં | દઃ |
| dha | dha | dhi | dhee | dhu | dhoo | dhe | dhai | dho | dhau | dham | dhah |
| ધ | ધા | ધિ | ધી | ધુ | ધૂ | ધે | ધૈ | ધો | ધૌ | ધં | ધઃ |
| na | na | ni | nee | nu | noo | ne | nai | no | nau | nam | nah |
| ન | ના | નિ | ની | નુ | નૂ | ને | નૈ | નો | નૌ | નં | નઃ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **pa** | pa | pi | pee | pu | poo | pe | pai | po | pau | pam | pamh |
| પ | પા | પિ | પી | પુ | પૂ | પે | પૈ | પો | પૌ | પં | પ: |
| **pha** | pha | phi | phee | phu | phoo | phe | phai | pho | phau | pham | phah |
| ફ | ફા | ફિ | ફી | ફુ | ફૂ | ફે | ફૈ | ફો | ફૌ | ફં | ફ: |
| **ba** | ba | bi | bee | bu | boo | be | bai | bo | bau | bam | bah |
| બ | બા | બિ | બી | બુ | બૂ | બે | બૈ | બો | બૌ | બં | બ: |
| **bha** | bha | bhi | bhee | bhu | bhoo | bhe | bhai | bho | bhau | bham | bhah |
| ભ | ભા | ભિ | ભી | ભુ | ભૂ | ભે | ભૈ | ભો | ભૌ | ભં | ભ: |
| **ma** | ma | mi | mee | mu | moo | me | mai | mo | mau | mam | mau |
| મ | મા | મિ | મી | મુ | મૂ | મે | મૈ | મો | મૌ | મં | મ: |
| **ya** | ya | yi | yee | yu | yoo | ye | yai | yo | yau | yam | yah |
| ય | યા | યિ | યી | યુ | યૂ | યે | યૈ | યો | યૌ | યં | ય: |
| **ra** | ra | ri | ree | ru | roo | re | rai | ro | rau | ram | rah |
| ર | રા | રિ | રી | રુ | રૂ | રે | રૈ | રો | રૌ | રં | ર: |
| **la** | la | li | lee | lu | loo | le | lai | lo | lau | lam | lah |
| લ | લા | લિ | લી | લુ | લૂ | લે | લૈ | લો | લૌ | લં | લ: |
| **va** | va | vi | vee | vu | voo | ve | vai | vo | vau | vam | vah |
| વ | વા | વિ | વી | વુ | વૂ | વે | વૈ | વો | વૌ | વં | વ: |
| **sha** | sha | shi | shee | shu | shoo | she | shai | sho | shau | sham | shah |
| શ | શા | શિ | શી | શુ | શૂ | શે | શૈ | શો | શૌ | શં | શ: |
| **sha** | sha | shi | shee | shu | shoo | she | shai | sho | shu | sham | shah |
| ષ | ષા | ષિ | ષી | ષુ | ષૂ | ષે | ષૈ | ષો | ષૌ | ષં | ષ: |
| **sa** | sa | si | see | su | soo | se | sai | so | sau | sam | sah |
| સ | સા | સિ | સી | સુ | સૂ | સે | સૈ | સો | સૌ | સં | સ: |
| **ha** | ha | hi | hee | hu | hoo | he | hai | ho | hau | ham | hah |
| હ | હા | હિ | હી | હુ | હૂ | હે | હૈ | હો | હૌ | હં | હ: |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| la | la | li | lee | lu | loo | le | lai | lo | lau | lam | lah |
| ળ | ળા | ળિ | ળી | ળુ | ળૂ | ળે | ળૈ | ળો | ળૌ | ળં | ળ: |
| ksha | ksha | kshi | kshi | kshu | kshu | kshe | kshai | ksho | kshau | ksham | kshah |
| ક્ષ | ક્ષા | ક્ષિ | ક્ષી | ક્ષુ | ક્ષૂ | ક્ષે | ક્ષૈ | ક્ષો | ક્ષૌ | ક્ષં | ક્ષ: |
| dna | dna | dni | dnee | dnu | dnoo | dne | dnai | dno | dnau | dnam | dnah |
| જ્ઞ | જ્ઞા | જ્ઞિ | જ્ઞી | જ્ઞુ | જ્ઞૂ | જ્ઞે | જ્ઞૈ | જ્ઞો | જ્ઞૌ | જ્ઞં | જ્ઞ: |

---

## સંખ્યા.

## Figures (ફીગર્સ.)

| | | |
|---|---|---|
| ૧ એક | 1 One | (વન) |
| ૨ બે | 2 Two | (ટુ) |
| ૩ ત્રણ | 3 Three | (થ્રી) |
| ૪ ચાર | 4 four | (ફોર) |
| ૫ પાંચ | 5 five | (ફાઇવ) |
| ૬ છ | 6 Six | (સિકસ) |
| ૭ સાત | 7 Seven | (સૅવન) |
| ૮ આઠ | 8 Eight | (એઇટ) |
| ૯ નવ | 9 Nine | (નાઇન) |
| ૧૦ દશ | 10 Ten | (ટૅન) |
| ૧૧ અગીઆર | 11 Eleven | (ઇલૅવન) |
| ૧૨ બાર | 12 Twelve | (ટ્વૅલ્વ) |
| ૧૩ તેર | 13 Thirteen | (થર્ટીન) |
| ૧૪ ચઉદ | 14 Fourteen | (ફોરટીન) |
| ૧૫ પંદર | 15 Fifteen | (ફીફ્ટીન) |
| ૧૬ સોળ | 16 Sixteen | (સીકસટીન) |
| ૧૭ સત્તર | 17 Seventeen | (સૅવનટીન) |

| | | |
|---|---|---|
| ૧૮ અઢાર | 18 Eighteen | (એઈટીન) |
| ૧૯ ઓગણીસ | 19 Nineteen | (નાઇનટીન) |
| ૨૦ વીસ | 20 Twenty | (ટ્વૅન્ટી) |
| ૨૧ એકવીસ | 21 Twenty one | (ટ્વૅન્ટી વન) |
| ૨૨ બાવીસ | 22 Twenty two | (ટ્વૅન્ટી ટુ) |
| ૨૩ ત્રેવીસ | 23 Twenty three | (ટ્વૅન્ટી થ્રી) |
| ૨૪ ચોવીસ | 24 Twenty Four | (ટ્વૅન્ટી ફોર) |
| ૨૫ પચીસ | 25 Twenty five | (ટ્વૅન્ટી ફાઇવ) |
| ૨૬ છવીસ | 26 Twenty six | (ટ્વૅન્ટી સિક્સ) |
| ૨૭ સતાવીસ | 27 Twenty seven | (ટ્વૅન્ટી સેવન) |
| ૨૮ અઠાવીસ | 28 Twenty eight | (ટ્વૅન્ટી એઇટ) |
| ૨૯ ઓગણત્રીસ | 29 Twenty nine | (ટ્વૅન્ટી નાઇન) |
| ૩૦ ત્રીસ | 30 Thirty | (થર્ટી) |
| ૩૧ એકત્રીસ | 31 Thirty one | (થર્ટી વન) |
| ૩૨ બત્રીસ | 32 Thirty two | (થર્ટી ટુ) |
| ૩૩ તેત્રીસ | 33 Thirty three | (થર્ટી થ્રી) |
| ૩૪ ચોત્રીસ | 34 Thirty four | (થર્ટી ફોર) |
| ૩૫ પાંત્રીસ | 35 Thirty five | (થર્ટી ફાઈવ) |
| ૩૬ છત્રીસ | 36 Thirty six | (થર્ટી સિક્સ) |
| ૩૭ સાડત્રીસ | 37 Thirty seven | (થર્ટી સેવન) |
| ૩૮ આડત્રીસ | 38 Thirty eight | (થર્ટી એઇટ) |
| ૩૯ ઓગણચાળીસ | 39 Thirty nine | (થર્ટી નાઇન) |
| ૪૦ ચાલીસ | 40 Forty | (ફૉર્ટી) |
| ૪૧ એકતાળીસ | 41 Forty one | (ફૉર્ટી વન) |
| ૪૨ બેતાળીસ | 42 Forty two | (ફૉર્ટી ટુ ) |
| ૪૩ તેતાળીસ | 43 Forty three | (ફૉર્ટી થ્રી) |
| ૪૪ ચુમાળીસ | 44 Forty four | (ફૉર્ટી ફોર) |
| ૪૫ પીસતાળીસ | 45 Forty five | (ફૉર્ટી ફાઈવ) |

| | | | |
|---|---|---|---|
| ૪૬ | છેતાળીસ | 46 Forty six | (ફૉર્ટી સિક્સ) |
| ૪૭ | સુડતાળીસ | 47 Forty seven | (ફૉર્ટી સેવન) |
| ૪૮ | અડતાળીસ | 48 Forty eight | (ફૉર્ટી એઇટ) |
| ૪૯ | ઓગણપચાસ | 49 Forty nine | (ફૉર્ટી નાઇન) |
| ૫૦ | પચાસ | 50 Fifty | (ફીફ્ટી) |
| ૬૦ | સાઠ | 60 Sixty | (સિક્સટી) |
| ૭૦ | સીતેર | 70 Seventy | (સૅવન્ટી) |
| ૮૦ | એંસી | 80 Eighty | (એઈટી) |
| ૯૦ | નેવું | 90 Ninety | (નાઇનટી) |
| ૧૦૦ | સો | 100 Hundred | (હન્ડ્રેડ) |
| ૨૦૦ | બસો | 200 Two hundred | (ટુ હન્ડ્રેડ) |
| ૩૦૦ | ત્રણસો | 300 Three hundred | (થ્રી હન્ડ્રેડ) |
| ૪૦૦ | ચારસો | 400 Four hunderd | (ફૉર હન્ડ્રેડ) |
| ૫૦૦ | પાંચસો | 500 Five hundred | (ફાઈવ હન્ડ્રેડ) |
| ૧૦૦૦ | હજાર | 1000 Thousand | (થાઉઝન્ડ) |
| ૧૦૦૦૦ | દશ હજાર | 10000 Ten thousand | (ટૅન થાઉઝન્ડ) |
| ૧૦૦૦૦૦ | લાખ | 100000 Lac | (લૅક) |
| ૧૦૦૦૦૦૦ | દશ લાખ | 1000000 Million | (મીલીઅન) |
| ૧૦૦૦૦૦૦૦ | કરોડ | 10000000 Ten millions | (ટૅન મીલીઅન્સ) |
| ૧૦૦૦૦૦૦૦૦ | દશ કરોડ | 100000000 Hundred millions | (હન્ડ્રેડ મીલીઅન્સ) |
| ૧૦૦૦૦૦૦૦૦૦ | અબજ | 1000000000 Billion. | (બિલિયન) |

## સ્વરોના ઉચ્ચાર વીષે શબ્દો.

(A) એ ના ઉચ્ચાર વીષે

An (ઍન્ ) એક
Am (ઍમ્ ) છું
As (ઍઝ્ ) જેમ
At (ઍટ્ ) તરફ
And [ઍન્ડ] અને

આમાં (A) એનો ઉચ્ચાર ઍ થાય છે.

(E) ઈ ના ઉચ્ચાર વીષે.

Be (બી) થવું, હોવું
Me (મી) મને
We (વી) અમે
Ye (યી) તમે
He (હી) તે

અને (E) નો ઉચ્ચાર ઈ થાય છે.

(I) આઇ ના ઉચ્ચાર વીષે.

I (આઇ) હું
Is (ઇઝ) છે
It (ઇટ) તે
In (ઈન) અંદર
If (ઇફ) જો

(O) ઓ ના ઉચ્ચાર વીષે.

O (ઓ) અરે
On (ઑન) ઉપર
Of (ઑફ) નો, ની, નું વીષે.
Or (ઑર) અથવા
Ox (ઑકસ) બળદ

આમાં (I) આઇ નો ઉચ્ચાર ઇ તથા (O) ઓ નો ઉચ્ચાર ઑ થાય છે.

(U) યુ ના ઉચ્ચાર વીષે.

Up (અપ) ઉપર.
Us (અસ) અમને

(Y) વાય ના ઉચ્ચાર વીષે.

By (બાય) પાસે,થી
My (માય) મારૂ

આમાં (U) નો ઉચ્ચાર અ તથા (Y) નો ઉચ્ચાર આય થાય છે.

ઉપરના શબ્દ શીખ્યા પછી નીચેના વાક્યો ધ્યાનમાં લેઇને શીખવા અંગ્રેજી તથા ગુજરાતી વાક્ય ગોઠવણીમાં થોડોજ ફેર છે. ગુજરાતીમાં પહેલો કર્ત્તા પછી કર્મ કે વીષેશણ અને પછી ક્રીયાપદ આવે છે. પણ અંગ્રેજીમાં પહેલો કર્ત્તા પછી ક્રીયાપદ અને પછી કર્મ કે વીષેશણ આવે છે. તેની વધારે સમજ આગળ આપવામાં આવી છે.

## નાના વાકયો.

| | | | |
|---|---|---|---|
| હું છું | I am (આઇ એમ) | તેમાં | In it (ઇન ઇટ) |
| એક બળદ | An ox (ઍન ઑાકસ) | મારો બળદ | My ox (માય ઑાકસ) |
| મારી પાસે | By me (બાય મી) | મારી તરફ | At me (ઍટ મી) |
| તે વીષે | Of it (ઑાફ ઇટ) | તે છે | It is (ઇટ ઇઝ) |
| તે ઉપર | On it (ઑાન ઇટ) | મારા ઉપર | On me (ઑાન મી) |

(A) એ નો 'આ' ઉચ્ચાર વીષે.

Are (આર) છો
Arm (આર્મ) હાથ
Art (આર્ટ) હુન્નર
Ask (આસ્ક) પુછવું
After (આફ્ટર) પછી

(O) ઓ નો 'ઉ' ઉચ્ચાર વીષે.

Do (ડુ) કરવું
To (ટુ) ને, પાસે
Lose (લુઝ) ખોવું

## પુરૂષ વાચક શબ્દો.

**એકવચન.**

હું I (આઇ)
તું Thou (ધાઉ)
તે He (હી)
તેણી She (શી)

**બહુવચન.**

અમે We (ઉવી)
તમે You (યુ)
તેઓ (અથવા) તેણીઓ They (ધે)

મને Me [મી]
મારો, મારી, મારૂં My (માઈ)
Mine (માઈન)
અમારો, અમારી, અમારૂં, આપણો, આપણી, આપણું. Our (અવર) Ours (અવર્સ)
તમારો, તમારી, તમારૂં, Your (યૉર) Yours (યૉર્સ
તેનો, તેની, તેનું. His (હીઝ)

તેઓનો, તેઓની, તેઓનું Their (ધેર)
Theirs (ધેર્સ)
તમને You (યુ)
તેને Him (હીમ)
અમને, આપણને Us (અસ)
તેઓને Them (ધેમ)
તેણીને Her (હર)
તેણીનો, તેણીની, તેણીનું Her (હર)
Hers (હર્સ)

## ક્રિયાપદના શબ્દો.

| | |
|---|---|
| છું. Am (ઍમ) | કરે છે. Does (ડઝ) |
| છીએ. Are. (આર) | કીધું. Did (ડીડ) |
| છે. Is (ઈઝ) | ની પાસે છે. Have. (હૅવ) |
| હતો. Was (વૉઝ) | ની પાસે છે. Has (હૅઝ) |
| હતા. Were (વર) | ની પાસે હતું. Had (હૅડ) |
| કરવું. To do (ટુ ડુ) | |

---

## (Be) ના વર્તમાનકાળના રૂપ.

| એકવચન. | બહુવચન. |
|---|---|
| હું છું. I am. (આઇ ઍમ) | અમે છીએ. We are. (વી આર) |
| તું છું. Thou art. (ધાઉ આર્ટ) | તમે છો. You are. (યુ આર) |
| તે છે. He is. (હી ઇઝ) | તેઓ છે. They are. (ધે આર) |

## (Be) ના ભુતકાળના રૂપ.

| | |
|---|---|
| હું હતો. I was. (આઇ વૉઝ) | અમે હતા. We were. (વી વર) |
| તું હતો Thou wast. (ધાઉ વૉસ્ટ) | તમે હતા. You were (યુ વર) |
| તે હતો He was. (હી વૉઝ) | તેઓ હતા. They were. (ધે વર) |

## Do (ડુ) ના વર્તમાનકાળના રૂપ.

| | |
|---|---|
| હું કરૂં છું I do. (આઈ ડુ) | અમે કરીએ છીએ. We do. (વી ડુ) |
| તું કરે છે. Thou dost (ધાઉ ડસ્ટ) | તમે કરો છો. You do. (યુ ડુ) |
| તે કરે છે, He does. (હી ડઝ) | તેઓ કરે છે. They do. (ધે ડુ) |

## Do (ડુ) ના ભુતકાળના રૂપ.

| | |
|---|---|
| મેં કીધું I did. (આઈ ડીડ) | અમે કીધું. We did. (વી ડીડ) |
| તેં કીધું Thou didst (ધાઉ ડીડસ્ટ) | તમે કીધું. You did. (યુ ડીડ) |
| તેણે કીધું. He did. (હી ડીડ) | તેઓએ કીધું. They did. (ધે ડીડ) |

## Have (હૅવ)ના વર્તમાનકાળના રૂપ.

મારી પાસે છે. I have (આઈ હૅવ) અમારી પાસે છે. We have. (વી હૅવ)
તારી પાસેછે. Thou hast. (ધાઉ હૅસ્ટ) તમારી પાસે છે. You have. (યુ હૅવ)
તેની પાસે છે. He has. (હી હૅઝ) તેઓની પાસે છે. They have. (ધે હૅવ)

## Have (હૅવ) ના ભુતકાળના રૂપ.

મારી પાસે હતું. I had. (આઇ હૅડ) અમારી પાસે હતું. We had. (વી હૅડ)
તારી પાસે હતું. Thou hadst. (ધાઉ હૅડસ્ટ) તમારી પાસે હતું. You had. (યુ હૅડ)
તેની પાસે હતું. He had, (હી હૅડ) તેઓની પાસે હતું They had. (ધે હૅડ)

---

### શબ્દો.

જવું. Go ( ગો ) આપવું Give (ગીવ)
આવવું. Come (કમ) શીખવું Learn (લર્ન)
બેસવું Sit (સીટ) કામ કરવું. Work (વર્ક)
કહેવું, Say (સે) ચાલવું. Walk (વૉક)

### વર્તમાનકાળના રૂપ.

**એકવચન.**

હું જાઉં છું. I go (આઇ ગો)
તું જાય છે. Thou goest (ધાઉ ગોએસ્ટ)
તે જાય છે. He goes ( હી ગોઝ)

**બહુવચન.**

અમે જઇએ છીએ. We go (વી ગો)
તમે જાઓછો, You go (યુ ગો)
તેઓ જાય છે. They go (ધે ગો)

---

| એકવચન. | બહુવચન. |
| --- | --- |
| હું છું. I come. (આઈ કમ) | અમે આવીએ છીએ We come ( હવી કમ ) |
| તું આવે છે. Thou comest ( ધાઉ કમેસ્ટ) | તમે આવો છો. You come [યુ કમ] |
| તે આવે છે. He comes ( હી કમ્ઝ) | તેઓ આવે છે. They come (ધે કમ) |
| હું બેસું છું. I sit. (આઈ સીટ) | અમે બેસીએ છીએ. We sit. (વી સીટ) |
| તું બેસે છે, Thou sittest (ધાઉ | તમે બેસો છો. You sit. (યુ સીટ) |
| તે બેસે છે. He sits (હી સીટ્સ) | તેઓ બેસે છે, They sit (ધે સીટ) |
| હું કહું છું. I say (આઈ સે) | અમે કહીએ છીએ. We say (હવી સે) |
| તું કહે છે, Thou sayest (ધાઉ સેયેસ્ટ) | તમે કહો છો. You say ( યુ સે ) |
| તે કહે છે. He says ( હી સેઝ ) | તેઓ કહે છે, They say (ધે સે) |
| હું આપું છું. I give (આઈ ગીવ) | અમે આપીએ છીએ. We give ( હવી ગીવ ) |
| તું આપે છે. Thou givest (ધાઉ ગીવેસ્ટ) | તમે આપો છો. You give (યુ ગીવ) |
| તે આપે છે. He gives (હી ગીવ્ઝ) | તેઓ આપે છે. They give (ધે ગીવ) |
| હું શીખું છું. I learn [આઇ લર્ન] | અમે શીખીએ છીએ, We learn [ હવી લર્ન ] |
| તું શીખે છે. Thou learnest [ધાઉ લર્નેસ્ટ] | તમે શીખો છો. You learn [યુ લર્ન] |
| તે શીખે છે. He learns [હી લર્ન્સ] | તેઓ શીખે છે. They learn [ધે લર્ન] |

હું ચાલું છું. I walk [આઈ ૭વૉક્] અમે ચાલીએ છીએ. We walk [૭વી ૭વૉક્]

તું ચાલે છે. Thou walkest [ધાઉ વૉકેસ્ટ] તમે ચાલો છો, You walk [યુ ૭વૉક]

તે ચાલે છે. He walk [હી ૭વૉકસ] તેઓ ચાલે છે. They walk [ધે ૭વૉક]

---

હું કામ કરૂં છું. I work (આઈ વર્ક) અમે કામ કરીએ છીએ. We work (૭વી વર્ક)

તું કામ કરે છે. Thou workest [ધાઉ વર્કેસ્ટ] તમે કામ કરો છો. You work [યુ વર્ક]

તે કામ કરે છે. He works [હી વર્કસ] તેઓ કામ કરે છે. They work [ધે વર્ક]

ઉપર જે વર્તમાનકાળના રૂપો આપ્યા તેમાં બીજા પુરૂષ એક વચનમાં est પ્રત્યય લાગે છે. અને ત્રીજા પુરૂષ એક વચનમાં s અથવા es પ્રત્યય લાગે છે; બાકી બીજામાં પ્રત્યય લાગતો નથી.

## ઇંગ્રેજી વાકય રચના વિષે.

ગુજરાતીમાં વાકય ગોઠવવાની રીત એવી છે કે તેમાં પહેલો કર્તા આવે પછી કર્મ કે વીષેશણ અને પછી કીયાપદ આવે છે જેમ કે સાહેબે બંદુક ફોડી તેમાં 'સાહેબ' શબ્દ કર્તા છે તે વાકયમાં પહેલો આવ્યો પછી 'બંદુક' શબ્દ કર્મ છે તે કર્તાની પછી આવ્યું અને 'ફોડી' શબ્દ કીયાપદ છે તે વાકયને છેડે આવ્યું છે, પણ અંગ્રેજી વાકય રચના તેથી જુદી છે. તેમાં પહેલો કર્તા આવે છે પછી કીયાપદ અને છેલ્લું કર્મ કે વીષેશણ આવે છે જેમકે તે પાઠ શીખે છે He learns a lesson [હી લર્ન્સ આ લેસન્] તેમાં ગુજરાતીમાં તે કર્તા છે તે વાકયની શરૂઆતમાં આવ્યો છે તેમજ અંગ્રેજીમાં He [હી] કર્તા છે તે વાક્યની શરૂઆતમાં આવ્યો છે, પછી ગુજરાતીમાં કર્તા પછી કર્મ[પાઠ] આવ્યું છે પણ અંગ્રેજીમાં કર્તા He [હી] પછી કીયાપદ learns [લર્ન્સ] આવ્યું છે. અને ગુજરાતીમાં છેલ્લું કીયાપદ 'શીખે છે' આવ્યું છે. પણ અંગ્રેજીમાં છેલ્લું કર્મ Lesson [લેસન] આવ્યું છે.

## Capital letter ( કૅપીટલ લેટર ) મોટો અક્ષર.

ઇંગ્રેજી ભાષામાં લખવામાં તથા વાંચવામાં દરેકમાં બે એ, બી, સી, ડી, હોય છે. એક મોટી અને એક નાની. માટે મોટી એ, બી, સી, ડીનો અક્ષર ક્યાં વાપરવો તથા નાની એ, બી, સી, ડીનો અક્ષર ક્યાં વાપરવો તે નીચેની સુચનાઓપરથી માલુમ પડશે.

૧. દરેક વાક્યનો પહેલો અક્ષર Capital [કેપીટલ] મોટો લખવો જેમકે This is a book [ધીસ ઇઝ આ બુક] આ ચોપડી છે. આ વાક્યમાં [ T ] ટી. વાક્યનો પહેલો અક્ષર છે માટે કેપીટલ [મોટો] છે.

૨. કવીતાની દરેક લીટીનો પહેલો અક્ષર મોટો જોઇએ. જેમકે,

None will trust a liar's word,
Even though his word be true,
He who lies to hide a fault,
Turns a single fault to two.

ઉપરની કવીતામાં પહેલી લીટીમાં [N] એન. બીજીમાં [E] ઈ. ત્રીજીમાં [H] એચ. અને ચોથીમાં [T] ટી. પહેલો અક્ષર છે, માટે Capital [કેપીટલ] મોટા મુક્યા છે.

૩. બોલેલા વાક્યનો પહેલો અક્ષર મોટો જોઈએ. જેમકે, Mohan said 'To-day is the day of festival' [ મોહન સેઈડ ટુ ડે ઈઝ ધી ડે ઑફ ફૅસ્ટીવલ ] મોહને કહ્યું આજે તહેવારનો દીવસ છે. આમાં 'આજે તહેવારનો દીવસ છે' એ મોહનના બોલેલા શબ્દો છે માટે તેમાંનો પહેલો અક્ષર [T] કેપીટલ કર્યો છે.

૪. પરમેશ્વરના નામ તથા તેની જગ્યાએ વપરાતા સર્વનામનો પહેલો અક્ષર કેપીટલ જોઇએ. જેમકે, The sun is made by God. [ ધી સન ઇઝ મેઈડ બાય ગૉડ ] સુર્ય ઇશ્વરે બનાવ્યો છે. આમાં ઇશ્વરને બદલે God [ ગૉડ ] શબ્દ આવ્યો છે માટે તે વાક્યમાં ગમે તે ઠેકાણે આવ્યો હોય તોપણ તેનો પહેલો અક્ષર મોટો કરવો. વળી God Who created this world [ગૉડ હુ ક્રીએટેડ ધીસ વર્લ્ડ ] ઇશ્વર જેણે આ દુનીઆ બનાવી તે. આમાં 'જે' ને બદલે

ઇંગ્રેજીમાં ' Who ' શબ્દ આવ્યો છે. અને તે ઇશ્વર [God] ગૉડને બદલે જ વપરાયેલો છે માટે તેનો પહેલો અક્ષર પણ મોટો કરવો.

૫. દરેક વીશેષ નામનો પહેલો અક્ષર કેપીટલ [મોટો] લખવો તથા તેના ઉપરથી જે વીશેષણ થયા હોય તેનો પહેલો અક્ષર પણ મોટો લખવો જેમકે, Motilal [મોતીલાલ], Madras [મદ્રાસ], Sabarmati [સાબરમતી], China [ચાઇના] ચીન, India [ઇંડીઆ] હીંદુસ્તાન. એ દરેકમાં પહેલો અક્ષર મોટો કરયો છે.

હવે Indian [ઇંડીઅન] હીંદુસ્તાની Chinese (ચાઇનીઝ) ચીનઇ એ શબ્દો India [ઇંડીઆ] હીંદુસ્તાન તથા China [ચાઇના] ચીન એ વીશેષ નામો ઉપર થી થયા છે, માટે તે દરેકનો પહેલો અક્ષર મોટો જોઇએ.

૬. સર્વનામ I [આઇ] હું તથા કેવળપ્રયોગી O [ઓ] અરે એ બે શબ્દો વાકયમાં ગમે તે ઠેકાણે આવ્યા હોય તોપણ કેપીટલ મુકવા.

૭. અઠવાડીયાના દીવસો તથા વરસના મહીનાનો પહેલો અક્ષર મોટો જોઇએ. જેમકે, Monday [મન્ડે] સોમવાર, Friday [ફ્રાઇડે] શુક્રવાર, January [જાન્યુઆરી], April [એપ્રીલ], વીગેરેમાં પહેલો અક્ષર મોટો જોઇએ.

૮. ખીતાબ અથવા ડીગ્રીને માટે વપરાતા દરેક અક્ષર મોટા મુકવા, જેમકે, C. I. E., C. S. I.; M. A.; B. A. વીગેરે.

---

## Articles (આર્ટીકલ્સ) પ્રત્યય વિષે.

ઇંગ્રેજીમાં કોઈ પદાર્થ કે પ્રાણીનું નામ એકવચનમાં એકલું આવે નહીં, પણ તેના અર્થની હદ બતાવવા સારૂ તે નામની પહેલા આર્ટીકલ હમેશાં લગાડવોજ જોઇએ.

અંગ્રેજીમાં આર્ટીકલ બે છે. 'An' [એન] અથવા 'A' [એ] અને 'The' [ધી]

હવે An [ઍન] તથા A [એ] નો અર્થ એક અથવા એકાદુ છે માટે તે

એક વચનના નામની સાથે વપરાય છે. અને The [ધી] બ'ને વચનના નામની સાથે વાપરી શકાય છે. જેમકે,

A book. ( આ બુક ) એક ચોપડી A pen. ( આ પૅન ) એક કલમ. A cat ( આ કૅટ ) એક બીલાડી. A hat ( આ હૅટ ) એક ટોપી.

an ( અંન ) એકાદું. હવે " ઍન " કયાં લગાડવો ?

અંગ્રેજીમાં નામના જે શબ્દો સ્વરથી શરૂ થાય છે. તે નામની આગળ an લગાડવો. જેમકે An egg. ( ઍન ઍગ ) એક ઈંડું. An ox. (ઍન ઑક્સ ) એક બળદ. An orange. (ઍન ઑરેન્જ) એક નારંગી. An elephant. ( ઍન એલીફન્ટ ) એક હાથી. An ass. ( ઍન ઍસ ) એક ગધેડો.

અને અંગરેજીમાં જે નામના શબ્દો વ્યંજનથી શરૂ થાય છે (A) તેને એ લગાડવો. જેમકે, A cat, A hen, A man. વીગેરે.

અંગ્રેજીમાં The ( ધી ) એટલે "તે" અથવા "પેલું" થાય છે કે જે સામાવાલો જાણે છે. મુકરર પ્રાણી કે પદાર્થ જણાવવા સારૂ તેના નામની આગળ હમેશાં The ( ધી ) લગાડવો જોઇએ.

જેમકે The book. ( ધી બૂક ) તે ચોપડી. The cage ( ધી કેજ ) તે પાંજરૂં. The bird. ( ધી બર્ડ ) તે પક્ષી.

પણ જો સંખ્યા બતલાવવીજ હોય તો A અથવા An કાઢી નાખી તેની જગાએ One ( વન ) વાપરવો. જેમકે—Give me one slate ( ગીવ મી વન સ્લેટ ) મને એક પાટી આપો. Give me one orange ( ગીવ મી વન ઑરેન્જ ) મને એક નારંગી આપો. I want one anna. ( આઇ વૉન્ટ વન આના ) મને એક આનો જોઈએ છે.

This ( ધિસ ) એ " આ " ( એકવચન ) માં બીજી ચીજો સાથે સરખાવતાં વધારે નજીક હોય તેને લાગે છે.

જેમકે—This house ( ધિસ હાઉસ ) આ ઘર. This book. ( ધિસ બૂક ) આ ચોપડી. This pen ( ધિસ પેન ) આ કલમ. These ( ધિઝ ) " એ This ( ધીસ )નું " ( બહુવચન ) છે તે બીજી ચીજો સાથે સરખાવતાં જે વધારે નજદીક હોય તેને લાગે છે.

જેમકે—These houses ( ધિઝ હાઉસીસ ) આ ઘરો. These books. ( ધિઝ બુક્સ ) આ ચોપડીઓ. These pens ( ધિઝ પેન્સ ) આ કલમો. ☞ એમાં ઘરો, ચોપડીઓ, તથા કલમો બહુવચનમાં છે, જેથી These લગાડવો જોઇએ.

That ( ધૅટ ) તે, પેલો, પેલી, પેલું. ( એકવચન ) માં બીજી ચીજો સાથે સરખાવતાં જે વધારે દુર હોય તેને લાગે છે. જેમકે—That boy. ( ધેટ બૉય ) પેલો છોકરો. That girl. ( ધૅટ ગર્લ ) પેલી છોડી. That dog. ( ધેટ ડૉગ. ) પેલો કુત્રો.

Those (ધોઝ) એ That ( ધેટ્ ) નું ( બહુવચન ) છે તે બીજી ચીજો સાથે સરખાવતાં જે વધારે દુર હોય તેને લાગે છે. Those boys. ( ધોઝ બૉયઝ ) પેલા છોકરાઓ. Those girls. ( ધોજ ગર્લ્સ ) પેલી છોડીઓ. Those dogs. ( ધોઝ ડૉગઝ ) પેલા કુત્રાઓ.

## વચન વીષે.

વચન બે છે.—એકવચન અને બહુવચન.

**એકવચન**—એકપણું બતાવે તે એકવચન.

**બહુવચન**—અનેક ( એકથી વધારેપણું ) દેખાડે તે બહુવચન કહેવાય છે.

ગુજરાતીમાં ઓ પ્રત્યય લગાડવાથી નામનું બહુવચન થાય છે, એવો સામાન્ય નીયમ છે. જેમકે—છોકરો એનું બહુવચન છોકરાઓ, ચોપડી-ચોપડીઓ. ટોપી-ટોપીઓ. વીગેરે પણ અંગરેજીમાં નામનું બહુવચન 'S' [એસ] પ્રત્યય લગાડવાથી થાય છે. જેમકે:—

| એકવચન. | બહુવચન. |
|---|---|
| Cup ( કપ ) પ્યાલું. | Cups ( કપ્સ ) પ્યાલા. |
| Cap ( કૅપ ) ટોપી. | Caps ( કૅપ્સ ) ટોપીઓ. |
| Cow ( કાઉ ) ગાય. | Cows ( કાઉઝ ) ગાયો. |
| Horse ( હૉર્સ ) ઘોડો. | Horses ( હૉર્સીસ ) ઘોડાઓ. |
| Pin ( પીન ) ટાંકણી. | Pins ( પીન્સ ) ટાંકણીઓ. |
| Chair ( ચેર ) ખુરશી. | Chairs ( ચેર્સ ) ખુરશીઓ. |
| Book ( બુક ) ચોપડી. | Books (બુક્સ) ચોપડીઓ. |

**Boy (બૉય) છોકરો.** **Boys ( બૉયઝ ) છોકરાઓ.**
**Girl ( ગર્લ ) છોડી.** **Girls ( ગર્લ્સ ) છોડીઓ.**

પણ જે નામને છેડે 'Ss' [ડબલ એસ્] 'Sh' [એસ એચ્] 'Ch' [ સી એચ્ ] 'X' [એકસ્] અથવા 'O' [ઓ] આવે તેનું બહુવચન 'Es' [ઈ એસ્] પ્રત્યય લગાડયાથી થાય છે, કારણ કે તેવા શબ્દને એકલો એસ લગાડયાથી બરાબર ઉચ્ચાર થતો નથી. જેમકે,

Ass [ઍસ] ગધેડો, Asses [એસીસ] ગધેડા.
Fish [ફીશ] માછલી. Fishes [ફીશીસ] માછલીઓ.
Church [ચર્ચ] દેવળ. Churches [ચર્ચીઝ] દેવળો.
Box [બોક્સ] પેટી. Boxes [બોકસીસ] પેટીઓ.
Mango [મૅન્ગો] કેરી. Mangoes [મૅન્ગોઝ] કેરીઓ.

જે નામને છેડે F અથવા Fe આવ્યું હોય તેનું બહુવચન કરતી વખતે F અથવા Fe નો ves થાય છે, જેમકે,

Wife [વાઈફ] વહુ. Wives [વાઈવ્ઝ] વહુઓ.
Life [લાઈફ] જીંદગી. Lives [લાઇવ્ઝ] જીંદગીઓ.

વળી જે નામને છેડે 'Y' [વાય] હોય અને તેની પહેલાં વ્યંજન હોય તો અને તેનું બહુવચન કરવું હોય તો Y [વાય] નો 'I' [ આઈ] કરીને તેને 'Es' [ એસ્ ] લગાડવો, જેમકે,

Lady [લેડી] બાયડી. Ladies [લેડીઝ] બાયડીઓ.
City [સીટી] શહેર. Cities [સીટીઝ]
Duty [ડયુટી] ફરજ. Duties [ડયુટીઝ ]

કેટલેક ઠેકાણે y શબ્દને છેડે આવે છે તેને es અથવા ed પ્રત્યય લગાડયાં પહેલાં પણ y નો i કરવો જોઇએ. જેમકે—

**અજમાવવું. Try. ( ટ્રાઇ )** **અજમાવે છે. Tries. ( ટ્રાઇઝ )**
**સુકવવું. Dry. ( ડ્રાઇ )** **સુકવે છે. Dries. ( ડ્રાઇઝ )**
**રડવું. Cry. ( ક્રાઇ )** **રડે છે. Cries. ( ક્રાઇઝ )**

તળવું. Fry. ( ફ્રાય ) — તળે છે. Fries. ( ફ્રાયઝ )
અજમાવ્યું. Tried ( ટ્રાઇડ ) — તળ્યું. Fried. ( ફ્રાઇડ )
સુકવ્યું. Dried. ( ડ્રાઇડ ) — રડયું. Cried. ( ક્રાઇડ )

જે નામનું બહુવચન કરવામાં S લાગતો નથી પણ વચ્ચેનો સ્વર અદલબદલ પડે છે તેવા નામો.

| એકવચન. | બહુવચન. |
|---|---|
| માણસ. A man. ( આ મૅન ) | માણસો. Men ( મૅન ) |
| બાયડી. A woman. ( આ વુમન ) | બાઇડીઓ. Women ( વીમૅન ) |
| દાંત. A tooth. ( આ ટૂથ ) | દાંતો. Teeth. ( ટીથ ) |
| પગ. A foot. ( આ ફૂટ ) | પગો. Feet. ( ફીટ ) |
| ઉંદર. A mouse. ( આ માઉસ ) | ઉંદરો. Mice ( માઇસ ) |
| જુ. A louse. ( આ લાઉસ ) | જુઓ. Lice. ( લાઇસ ) |
| હંસ. A goose. ( આ ગૂઝ ) | હંસો. Geese. ( ગીઝ ) |

ઇંગ્રેજીમાં જે વાકયમાં સવાલ અથવા પ્રશ્ન પુછવામાં આવે છે, ત્યાં ક્રીયાપદ કર્તાની અગાઉ આવે છે. જેમકે—What is your name? ( વ્હૉટ ઇઝ યૉર નેમ ? ) તમારૂં નામ શું ? અહિંયાં Name ( નેમ ) નામ, કર્તા છે અને is ક્રીયાપદ છે. અને તે કર્તાની અગાઉ આવેલો છે. તેજ પ્રમાણે નીચલા વાકયોમાં પણ છે.

How are you ? ( હાઉ આર યુ ? ) તમે કેમ છો ?
Who is he ? ( હુ ઇઝ હી ? ) તે કોણ છે ?
Is that boy bad ? ( ઇઝ ધેટ બૉય બૅડ ? ) શું તે છોકરો ખરાબ છે ?
Is he good ? ( ઇઝ હી ગુડ ? ) શું તે સારો છે ?

## ભૂતકાળ Past tense (પાસ્ટ ટેન્સ) તથા ભૂત કૃદંત Past participle (પાસ્ટ પાર્ટીસીપલ) વીષે.

અંગ્રેજીમાં સાધારણ રીતે ક્રીયાપદના ધાતુને ‘ ed ’ પ્રત્યય લગાડવાથી ભૂતકાળ તથા ભૂતકૃદંત થાય છે. પણ કેટલાક ક્રીયાપદ એવાં છે કે તેઓનો ભૂતકાળ તથા ભૂતકૃદંત તદન અનીયમીત રીતે થાય છે. જેમકે,

હું તમને આપું છું. I give you. ( આઇ ગીવ યુ )
મેં તમને આપ્યું. I gave you. ( આઇ ગેવ યુ )
મેં તમને આપેલું છે. I have given you. ( આઇ હૅવ ગીવન યુ )

એજ પ્રમાણે નીચલા શબ્દોનાં વાક્યોમાં ભુતકાળ વીશે, અથવા આગલ થયલાં કાળ વીશે વાત કરવી હોય તો ed લગાડયા વગર નીચે આપેલા શબ્દો પ્રમાણે રૂપ વાપરતાં શીખવું.

| વર્તમાન કાળ. | ભૂતકાળ. | ભૂતકૃદંત. |
|---|---|---|
| જોવું. See. ( સી ) | જોયું. Saw. ( સૅા ) | જોયલું. Seen. ( સીન ) |
| દોડવું. Run. ( રન ) | દોડયો. Ran. ( રૅન ) | દોડેલો. Run. ( રન ) |
| આવવું. Come. ( કમ ) | આવ્યો. Came ( કેમ ) | આવેલો. Come. (કમ) |
| આપવું. Give ( ગીવ ) | આપ્યું. Gave. ( ગેવ ) | આપેલું. Given. ( ગીવન ) |
| ઉછીનું આપવું. Lend. ( લૅન્ડ ) | ઉછીનું આપ્યું. Lent. ( લૅન્ટ ) | ઉછીનું આપેલું. Lent. ( લૅન્ટ ) |
| ઉડવું. Fly. ( ફ્લાઇ ) | ઉડયું. Flew. ( ફ્લ્યુ ) | ઉડેલું. Flown [ફ્લોન] |
| ઉગવું. Grow. ( ગ્રો ) | ઉગયું. Grew ( ગ્રયુ ) | ઉગેલું. Grown (ગ્રોન) |
| ઉભું રહેવું. Stand ( સ્ટૅન્ડ ) | ઉભો રહ્યો. Stood ( સ્ટુડ ) | ઉભો રહેલો. Stood ( સ્ટુડ ) |
| ઉગવું, ઉઠવું. Rise ( રાઇઝ ) | ઉગયો, ઉઠયો. Rose ( રોઝ ) | ઉગેલું, ઉઠેલું. Risen ( રીઝન ) |

| | | |
|---|---|---|
| કહેવું. Tell ( ટૅલ ) | કહ્યું. Told ( ટોલ્ડ ) | કહેલું. Told ( ટોલ્ડ ) |
| કહેવું. Say ( સે ) | કહ્યું. Said ( સેડ ) | કહેલું. Said ( સેઈડ ) |
| કરડવું. Bite ( બાઈટ ) | કરડ્યું. Bit ( બિટ ) | કરડેલું. Bitten. ( બિટન ) |
| કાપવું. Cut ( કટ ) | કાપ્યું. Cut ( કટ) | કાપેલું. Cut ( કટ ) |
| કિંમત પડવી. Cost ( કૉસ્ટ ) | કિંમત પડી. Cost ( કૉસ્ટ ) | કિંમત પડેલી. Cost ( કૉસ્ટ ) |
| ખરચવું. Spend ( સ્પૅન્ડ ) | ખરચ્યું. Spent ( સ્પૅન્ટ ) | ખરચેલું. Spent ( સ્પૅન્ટ) |
| ખરીદવું. Buy ( બાય ) | ખરીદ્યું. Bought ( બૉટ ) | ખરીદેલું. Bought ( બૉટ.) |
| ખમવું. લઇ જવું. Bear ( બૅર ) | ખમ્યું. લઇ ગયો. Bore ( બૉર ) | ખમેલું. લઇ ગયેલો. Borne (બોર્ન ) |
| ખાવું. Eat ( ઇટ ) | ખાધું. Ate ( એટ ) | ખાધેલું. Eaten (ઇટન) |
| ખેંચવું. ચિતરવું. Draw ( ડ્રૉ ) | ખેંચ્યું. ચીતર્યું. Drew (ડ્રીયુ) | ખેંચેલું. ચીતરેલું. Drawn ( ડ્રૉન ) |
| ખોવું. Lose ( લુઝ ) | ખોયું. Lost ( લૉસ્ટ) | ખોયલું. Lost (લૉસ્ટ) |
| ખોદવું. Dig (ડિગ) | ખોદ્યું. Dug ( ડગ ) | ખોદેલું Dug ( ડગ ; |
| ગાવું. Sing ( સીંગ ) | ગાયું. Sang ( સૅંગ ) | ગાયેલું. Sung (સંગ) |
| નાખવું. Cast ( કાસ્ટ ) | નાખ્યું. Cast ( કાસ્ટ ) | નાખેલું. Cast (કાસ્ટ) |
| નાખવું. Throw (થ્રો ) | નાખ્યું. Threw (થ્રીયુ) | નાખેલું. Thrown [ થ્રોન ) |
| ચોરવું. Steal ( સ્ટીલ ) | ચોર્યું. Stole ( સ્ટોલ ) | ચોરેલું. Stolen. ( સ્ટોલન ) |
| ચોટાડવું. Stick ( સ્ટીક) | ચોટાડ્યું. Stuck ( સ્ટક ) | ચોડાડેલું. Stuck ( સ્ટક ) |

| | | |
|---|---|---|
| **છોડી દેવું. Leave ( લીવ )** | **છોડી દીધું. Left ( લૅફ્ટ )** | **છોડી દીધેલું. Left ( લૅફ્ટ )** |
| જણવું. Bear ( બૅર ) | જણ્યું. Bore ( બોર ) | જણેલું. Born. ( બૉર્ન ) |
| જગાડવું. Wake ( ઉવેક ) | જગાડયો. Woke ( ઉવોક ) | જગાડેલો. Waked ( ઉવોકડ ) |
| જડવું. Find ( ફાઇન્ડ ) | જડયું. Found ( ફાઉન્ડ ) | જડેલું. Found. ( ફાઉન્ડ ) |
| જાગવું, Awake [ અવેક ] | જાગયો. Awoke [ અવોક ] | જાગેલો. Awaken [ અવેકન ] |
| જાણવું. Know [ નો ] | જાણ્યું. Knew [ ન્યુ ] | જાણેલું. Known [ નોન ] |
| જીતવું. Win [ ઉવીન ] | જીત્યો. Won [ ઉવન ] | જીતેલો. Won [ઉવન] |
| ઝાડવું. સાફ કરવું. Sweep [ સ્વીપ ] | ઝાડયું. સાફ કર્યું. Swept. [ સ્વૅપ્ટ ] | ઝાડેલું. સાફ કરેલું Swept [ સ્વૅપ્ટ ] |
| ઠપકો દેવો. Chide [ ચાઇડ ] | ઠપકો આપ્યો. Chid [ ચીડ ] | ઠપકો આપેલો. Chidden [ચીડન] |
| ડુબવું. Sink [સીંક] | ડુબયું. Sank [ સૅંક ] | ડુબેલું. Sunk [સંક] |
| તરવું. Swim [ સ્વિમ] | તર્યું. Swam [ સ્વૅમ ] | તરેલું. Swum. [ સ્વમ ] |
| દુખ દેવું. Hurt [ હર્ટ] | દુખ દીધું. Hurt [ હર્ટ ] | દુખ દીધેલું. Hurt [ હર્ટ ] |
| **દેવું. ભાડે આપવું. Let [ લેટ ]** | **દીધું. ભાડે આપ્યું. Let [ લેટ ]** | **દીધેલું. ભાડે આપેલું. Let [ લેટ ]** |
| **ધુજવું. હલાવવું. Shake [ શેક ]** | **ધુજયું, હલાવ્યું. Shook [ શુક ]** | **ધુજેલું. હલાવેલું. Shaken [શેકન]** |

| | | |
|---|---|---|
| પકડવું. Catch [ કૅચ ] | પકડયું. Caught [ કૉટ ] | પકડેલું. Caught. [ કૉટ ] |
| પકડવું. Hold [ હોલ્ડ ] | પકડયું. Held [ હેલ્ડ ] | પકડેલું. Held [હેલ્ડ] |
| પડવું. Fall [ ફૉલ ] | પડયું. Fell [ ફેલ ] | પડેલું. Fallen [ ફૉલન ] |
| પડી રેહેવું. Lie [ લાઇ ] | પડી રહ્યું. Lay [ લે ] | પડી રહેલું. Lain [ લેન ] |
| પસંદ કરવું. Choose [ ચૂઝ ] | પસંદ કીધું. Chose [ ચોઝ ] | પસંદ કીધેલું. Chosen [ ચોઝન ] |
| પીવું. Drink [ડ્રીંગ] | પીધું. Drank [ ડ્રૅંક ] | પીધેલું. Drunk [ડ્રૅંક] |
| પેહેરવું. Wear [ ઉવેર ] | પેહેરયું. Wore [ ઉવૉર ] | પેહેરેલું. Worn [ ઉવૉર્ન ] |
| પૈસા આપવા. Pay [ પે ] | પૈસા આપ્યા. Paid [ પેડ ] | પૈસા આપેલા.Paid [ પેઇડ ] |
| ફાટવું. Burst [ બર્સ્ટ ] | ફાટયું. Burst [ બર્સ્ટ ] | ફાટેલું. Burst [બર્સ્ટ] |
| ફાડવું. Tear [ ટૅર ] | ફાડયું. Tore [ ટૉર ] | ફાડેલું. Torn [ટૉર્ન] |
| બનાવવું. Make [ મેક ] | બનાવ્યું. Made [ મેઈડ] | બનાવેલું. Made. [ મેઈડ ] |
| બાંધવું. [ ઘર ] Build [ બિલ્ડ ] | બાંધ્યું. Built [ બિલ્ટ ] | બાંધેલું. Built [ બિલ્ટ ] |
| બાંધવું. Bind [ બાઇન્ડ ] | બાંધ્યું. Bound [બાઇન્ડ] | બાંધેલું. Bound [ બાઉન્ડ ] |
| બેસવું. Sit [ સીટ ] | બેઠો. Sat [ સૅટ ] | બેઠેલો. Sat [ સૅટ ] |
| બેસાડવું. Set [ સૅટ ] | બેસાડયો. Set [ સૅટ ] | બેસારેલો. Set [સૅટ] |
| બોલવું. Speak [ સ્પીક ] | બોલ્યો. Spoke [ સ્પોક ] | બોલેલો. Spoken [ સ્પોકન ] |

| | | |
|---|---|---|
| ભાગવું. Break [ બ્રેક ] | ભાગ્યું. Broke [ બ્રોક ] | ભાગેલું. Broken [ બ્રોકન ] |
| ભુલથી જાણવું. „ ગણવું. Mistake [મીસ્ટેક] | ભુલથી જાણ્યું „ ગણ્યું Mistook [ મીસ્ટુક ] | ભુલથી જાણેલું „ ગણેલું Mistaken [મીસ્ટેકન] |
| મારવું. Beat [ બીટ ] | માર્યો. Beat [ બેટ ] | મારેલો. Beaten [ બીટન ] |
| મારવું. Strike [ સ્ટ્રાઈક ] | માર્યો. Struck [ સ્ટ્રક ] | મારેલો. Struck [ સ્ટ્રક ] |
| માફ કરવું. Forgive [ ફરગીવ ] | માફ કીધો. Forgave [ ફરગેવ ] | માફ કીધેલો. Forgiven [ ફરગીવન ] |
| મુકવું. Put [ પુટ ] | મુક્યું. Put [ પુટ ] | મુકેલું. Put [ પુટ ] |
| મેળવવું. Get [ ગૅટ ] | મેળવ્યું. Got [ ગૉટ ] | મેળવેલું. Got, Gotten [ ગૉટ ગૉટન ] |
| મોકલવું. Send [ સૅન્ડ ] | મોકલ્યું. Sent [ સૅન્ટ ] | મોકલેલું. Sent. [ સૅન્ટ ] |
| રડવું. Weep [ ઉવીપ ] | રડયો. Wept [ ઉવૅપ્ટ ] | રડેલો. Wept [ ઉવૅપ્ટ ] |
| રાખવું. Keep [ કીપ ] | રાખ્યું. Kept [ કૅપ્ટ ] | રાખેલું. Kept [ કૅપ્ટ ] |
| લખવું. Write [ રાઇટ ] | લખ્યું. Wrote [ રોટ ] | લખેલું. Written [ રીટન ] |
| લડવું. Fight [ ફાઇટ ] | લડયો. Fought [ ફૉટ ] | લડેલો. Fought [ ફૉટ ] |
| લાગવું. Feel [ ફીલ ] | લાગ્યો. Felt [ ફૅલ્ટ ] | લાગેલો. Felt [ ફૅલ્ટ ] |
| લાવવું. Bring [ બ્રીંગ ] | લાવ્યો. Brought [ બ્રૉટ ] | લાવેલો. Brought [ બ્રૉટ ] |

| | | |
|---|---|---|
| **લેવું. Take [ ટેક ]** | **લીધું. Took [ ટુક ]** | **લીધેલું Taken [ ટેકન ]** |
| **વગાડવું. Ring [રીંગ]** | વગાડયું. Rang [ રૅંગ ] | વગાડેલું. Rung [રંગ] |
| **વાસ મારવી. smell [ સ્મૅલ ]** | વાસ મારી. Smelt [ સ્મૅલ્ટ ] | વાસ મારેલું. Smelt [ સ્મેલ્ટ ] |
| વીસરવું. Forget [ ફરગૅટ ] | વીસર્યો. Forgot [ફરગૉટ] | વીસરેલું. Forgot-ten [ફરગૉટન] |
| વીટાળવું. Wind [ઉવાંઇન્ડ] | વીટાળ્યું. Wound [ ઉવાંઉન્ડ ] | વીટાળેલું Wound [ ઉવાંઉન્ડ ] |
| વિચારવું. Think [ થીંક ] | વિચાર્યું. Thought [થૉટ] | વીચારેલું. Thought [ થૉટ ] |
| વેચવું. Sell [ સૅલ ] | વેચ્યું. Sold [ સોલ્ડ ] | વેચેલું. Sold[સોલ્ડ] |
| વેપાર કરવો. Deal [ડીલ] | વેપાર કીધો. Dealt [ ડૅલ્ટ ] | વેપાર કીધેલો.Dealt [ ડૅલ્ટ ] |
| સમ ખાવા, Swear [ સ્વેર ] | સમ ખાધા. Swore [ સ્વોર ] | સમ ખાધેલા. Sworn [ સ્વૉર્ન ] |
| સ્વારી કરવી. Ride [રાઇડ] | સ્વારી કીધી. Rode [ રોડ ] | સ્વારી કીધેલી. Rid-den [રીડન] |
| સંતાડવું. Hide [ હાઇડ ] | સંતાડયું. Hid [ હીડ ] | સંતાડેલું. Hidden [ હીડન ] |
| **સાંભળવું. Hear [ હીયર ]** | સાંભળ્યું. Heard [હર્ડ] | સાંભળેલું. Heard [ હર્ડ ] |
| **સુવું. Sleep [ સ્લીપ ]** | સુતો. Slept [સ્લૅપ્ટ ] | સુતેલો. Slept [ સ્લૅપ્ટ ] |
| **શરૂ કરવું. Begin [બીગીન]** | શરૂ કીધું. Began [ બીગૅન ] | શરૂ કીધેલું. Begun [ બીગન ] |
| **શીખવવું. Teach [ ટીચ ]** | **શીખવ્યું. Taught [ટૉટ]** | **શીખવેલું. Taught [ ટૉટ ]** |

શોધવું. Seek [ સીક ]  શોધ્યું. Sought [સૉટ]  શોધેલું. Sought [ સૉટ ]

હાંકવું. Drive [ ડ્રાઇવ ]  હાંક્યું. Drove [ ડ્રોવ ]  હાંકેલું. Driven. [ ડ્રીવન ]

## See (સી) ના વર્તમાનકાળના રૂપ.

હું જોઉં છું. I see [ આઇ સી ]  અમે જોઇએ છીએ. We see [ ફ્વી સી ]

તું જુએ છે. Thou see-est [ધાઉ સીએસ્ટ]  તમે જુઓછો. You see [યુ સી]

તે જુએ છે. He sees. [ હી સીઝ ]  તેઓ જુએછે. They see [ધે સી]

## ભૂતકાળના રૂપ.

મેં જોયું. I saw [ આઇ સૉ ]  અમે જોયું. We saw [ ઉવી સૉ ]

તેં જોયુ. Thou sawest [ ધાઉ સૉએસ્ટ]  તમે જોયું. You saw [ યુ સૉ ]

તેણે જોયું. He saw. [ હી સૉ ]  તેઓએ જોયું. They saw [ધે સૉ]

## * ( પુર્ણ વર્તમાનકાળના રૂપ. )

## Give ( ગીવ ) આપવું.

મેં આપેલું છે. I have given ( આઇ હૅવ ગીવન )  અમે આપેલું છે. We have given [ ઉવી હૅવ ગીવન ]

તેં આપેલું છે. Thou hast given ( ધાઉ હૅસ્ટ ગીવન)  તમે આપેલું છે. You have given ( યુ હૅવ ગીવન )

તેણે આપેલું છે. He has given ( હી હૅઝ ગીવન )  તેઓએ આપેલું છે. They have given ( ધે હૅવ ગીવન )

---

* ક્રીયાપદના ભૂતકૃદંતને 'To have' ના વર્તમાનકાળનું રૂપ લગાડયાથી પુર્ણ વર્તમાનકાળ થાય છે.

## Run ( રન ) ના વર્તમાનકાળના રૂપ.

| | |
|---|---|
| હું દોડું છું. I run [ આઇ રન ] | અમે દોડીએ છીએ. We run [ વી રન] |
| તું દોડે છે. Thou runnest [ ધાઉ રનેસ્ટ ] | તમે દોડો છો. You run [ યુ રન ] |
| તે દોડે છે. He runs [ હી રન્ઝ ] | તેઓ દોડે છે. They run [ધે રન] |

## Run ( રન ) ના ભૂતકાળના રૂપ.

| | |
|---|---|
| હું દોડયો. I ran [ આઇ રૅન ] | અમે દોડયા. We ran [ વી રૅન ] |
| તું દોડયો. Thou ranst [ધાઉ રૅન્સ્ટ ] | તમે દોડયા. You ran [ યુ રૅન ] |
| તે દોડયો. He ran [ હી રૅન ] | તેઓ દોડયા. They ran [ ધે રૅન ] |

## Lose (લુઝ) પુર્ણ વર્ત્તમાનકાળ.

| | |
|---|---|
| મેં ખોયું છે. I have lost [ આઇ હૅવ લૉસ્ટ ] | અમે ખોયું છે. We have lost [વી હૅવ લૉસ્ટ] |
| તેં ખોયું છે. Thou hast lost [ધાઉ હૅસ્ટ લૉસ્ટ] | તમે ખોયું છે. You have lost ( યુ હૅવ લૉસ્ટ ) |
| તેણે ખોયું છે. He has lost [ હી હૅઝ લૉસ્ટ] | તેઓએ ખોયું છે. They have lost [ધે હૅવ લૉસ્ટ] |

ગુજરાતીમાં ઇશ, ઈશ અને શે લગાડયાથી ભવીષ્યકાળ થાય છે જેમકે કરીશ, કરશે, ખઇશ, આશે વીગેરે; પણ અંગ્રેજીમાં ભવીષ્યકાળને માટે બે શબ્દ ક્રીયાપદની પહેલા વાપરવાથી ભવીષ્યકાળ ઓળખાય છે. તે Shall [ શૅલ ] તથા Will [ વીલ ] છે. જેમકે, કરવું Do, કરીશ Will do અથવા Shall do. તેમના રૂપ નીચે આપ્યા છે.

## Do ( ડુ )ના ભવિષ્યકાળના રૂપ.

| | |
|---|---|
| હું કરીશ. I shall do [આઇ શૅલ ડુ] | અમે કરીશું. We shall do [ ઉવી શૅલ ડુ ] |
| તું કરીશ. Thau wilt do [ધાઉ વીલ્ટ ડુ] | તમે કરશો. You will do [ યુ ઉવીલ ડુ ] |
| તે કરશે. He will do [હી ઉવીલ ડુ ] | તેઓ કરશે. They will do [ ધે ઉવીલ ડુ ] |

---

| | |
|---|---|
| હું લઇશ. I will take [ આઈ ઉવીલ ટેક ] | અમે લઈશું. We will take [ઉવી વીલ ટેક ] |
| તું લઈશ. Thou shalt take [ ધાઉ શેલ્ટ ટેક ] | તમે લેશો. You shall take [ યુ શૅલ ટેક ] |
| તે લેશે. He shall take [હી શૅલ ટેક] | તેઓ લેશે. They shall take [ ધે શૅલ ટેક ] |

---

## વાંચન પાઠ ૧ લો.

### શબ્દો.

| | |
|---|---|
| નહી No ( નો ) | હા. Yes ( યસ ) |
| પાસે, થી By ( બાય ) | થવું, હોવું. Be ( બી ) |
| મને Me ( મી ) | અને And ( ઍન્ડ ) |
| અમે We ( ઉવી ) | જલ્દી. Soon ( સુન ) |
| જો If ( ઈફ ) | સાહેબ Sir ( સર ) |
| તે He (હી) ( નરજાતી ) | હું I ( આઇ ) |
| બેસવું Sit ( સીટ ) | છું. Am ( ઍમ ) |
| ને, પાસે To ( ટુ ) | છે. Is ( ઇઝ ) |
| મારૂ My, mine ( માય, માઈન ) | કરવું. Do ( ડુ ) |

અંદર In (ઇન) | આવવું. Come ( કમ )
જવું Go ( ગો ) | તે. It ( ઈટ ) નાન્યતરજાતિ.
એવું So ( સો )

**વાકયો.**

૧ હું જાઉં છું I go. ( આઈ ગો )
૨ તે અંદર છે. He is in. ( હી ઇઝ ઇન )
૩ જો તે કરે If he do. ( ઇફ હી ડુ )
૪ હા સાહેબ હું કરૂં છું. Yes sir I do. ( યસ સર આઇ ડુ )
૫ મારી પાસે આવો. Come to me. ( કમ ટુ મી )
૬ ના અમે આવીએ છીએ. No we come. ( નો, ઉવી કમ )
૭ જો તે એમ હોય તો હું જાઉં. If it be so, I go. ( ઇફ ઇટ બી સો આઇ ગો )
૮ અમે અંદર જઇએ છીએ. We go in. ( ઉવી ગો ઈન )
૯ ના તે મારૂં છે. No, it is mine. (નો, ઇટ ઈઝ માઈન )
૧૦ સાહેબ જલદી આવો અને મારી પાસે બેસો. Sir, come soon and sit by me. ( સર, કમ સુન ઍન્ડ સીટ બાય મી )

---

## વાંચન પાઠ ૨ જો.

એક. A. ( એ ) An. ( ઍન ) One ( વન ) | આપવું, આપો Give ( ગીવ )
કહેવું, કહો. Say, ( સે ) | દોડો દોડવું, Run. ( રન )
તે. That (ધેટ ) | તેઓ They. ( ધે )
રમવું. Play. ( પ્લે ) | છોકરો Boy. (બૉય)
માણસ. Man. ( મૅન ) | અથવા કે, Or ( ઑર )
ટોપી. Cap. ( કૅપ ) | તેણી She. ( શી )
તું. Thou. ( ધાઉ ) | સારો. Good. ( ગુડ )
કલમ. Pen. ( પેન ) | અમને. Us. ( અસ )
 | વાસ્તે. For. (ફૉર )

નો, વીષે. Of. ( ઑાફ )
તમે. You. ( યુ )
બળદ. Ox ( ઑાકસ )
મોકલવું. Send. ( સેન્ડ )
સાથે. Vith. ( વીથ )

૧ તે માણુસ સારો છે. That man is good. (ધૅટ મૅન ઇઝ ગુડ )
૨ મને એક કલમ આપો. Give me one pen. ( ગીવ મી વન પેન )
૩ તે ટોપી મારી છે. That cap is mine. ( ધેટ કૅપ ઇઝ માઇન )
૪ તે મારે માટે મોકલજો. Send it for me. ( સેન્ડ ઇટ ફૉર મી ).
૫ એક છોકરો અને એક બળદ. A boy and an ox. ( એ બૉય ઍન્ડ ઍન ઓકસ )
૬ તમે મારી પાસે બેસો. You sit by me ( યુ સીટ બાય મી )
૭ તે છોકરાને એક કલમ આપો Give one pen to that boy. ( ગીવ વન પેન ટુ ધૅટ બૉય )
૮ તેઓ તમારા વીષે એવું કહે છે. They say so of you (ધે સે સો ઑાફ યુ)
૯ અમને એક બળદ આપો. Give us one ox. ( ગીવ અસ વન ઑાકસ )
૧૦ તેઓ મારે વાસ્તે તે માણુસની સાથે જાય છે. They go for me with that man. ( ધે ગો ફૉર મી વીથ ધેટ મૅન )

---

## વાંચન પાઠ ૩ જો.

ખરાબ. Bad. ( બૅડ )
છો. Are. ( આર )
ઘણું. Very. ( વેરી )
બીલાડી. Cat. ( કૅટ )
બે Two. ( ટુ )
વારૂ, સારૂ. Well. ( વેલ )
ડાહ્યો. Wise. ( વાઇઝ )
કોણ. Who. ( હુ )
આ. This. ( ધીસ )
રાતું, Red. ( રેડ )
જાડો; Fat. ( ફૅટ )
રાખવું, રાખો. Keep. ( કીપ )
હમણા. Now. ( નાઉ )
ટાંકણી. Pin. ( પીન )

| | |
|---|---|
| દોડયો. Ran. ( રૅન ) | ટાંકણીઓ. Pins. ( પીન્સ ) |
| તેને. Him. ( હીમ ) | ચોપડી. Book. ( બુક ) |
| લેવું, લો. Take. ( ટેક ) | રૂપીયા. Rupees. (રૂપીઝ) |

૧ આ બીલાડી ખરાબ છે. This cat is bad. ( ધીસ કૅટ ઇઝ બૅડ )
૨ તે છોકરો ડાહયો છે. That boy is wise. ( ધેટ બૉય ઇઝ વાઈઝ)
૩ તેને બે ટાંકણીઓ આપો. Give him two pins. ( ગીવ હીમ ટુ પીન્સ )
૪ હમણા કોણ દોડયો. Who ran now. ( હુ રૅન નાઉ )
૫ આ ચોપડી તમારી પાસે રાખો. Keep this book with you. ( કીપ ધીસ બુક વીથ યુ. )
૬ એક જાડો બળદ. One fat ox. ( વન ફૅટ ઑાકસ )
૭ મને બે રૂપીયા આપો. Give me two rupees. ( ગીવ મી ટુ રૂપીઝ )
૮ વારૂ; તે કલમ મારે વાસ્તે મોકલજો. Well; send that pen for me ( વેલ સેન્ડ ધૅટ પેન ફૉર મી )
૯ તમે હમણા જાઓ અને તે કરો. You go now and do it .( યુ ગો નાઉ ઍન્ડ ડુ ઇટ )
૧૦ આ રાતી કલમ ઘણી સારી છે This red pen is very good. ( ધીસ રેડ પેન ઈઝ વૅરી ગુડ)

---

## વાંચન પાઠ ૪ થો.

| | |
|---|---|
| મદદ કરવી. Help. ( હેલ્પ ) | કોથળી. Bag. ( બૅગ ) |
| બનાવો, બનાવવું. Make ( મેક ) | તેનું. His. ( હીઝ ) |
| જુઓ. Look (લુક) | ત્રણ. Three ( થ્રી ) |
| અહીંઆ. Here ( હીયર ) | ઘર. House. ( હાઉસ ) |
| ત્યાં. There. ( ધેર ) | પાછું. Back. ( બૅક ) |
| પરમેશ્વર. God. ( ગૉડ ) | પુછવું. પુછો, Ask. ( આસ્ક ) |
| કુતરો. Dog. ( ડૉગ ) | પેટી. Box. ( બૉકસ ) |

| | |
|---|---|
| સુર્ય. Sun. ( સન ) | બંદુક. Gun. ( ગન ) |
| સાદડી. Mat. ( મૅટ ) | પડયો. Fell ( ફૅલ ) |
| તમારૂં. Your. ( યૅાર ) | શું. What. ( વ્હૅાટ ) |
| ગરમ. Hot ( હૅાટ ) | માણસો. Men. ( મેન ) |
| સઘળું. All. ( ઑાલ ) | શકવું Can. ( કૅન ) |

૧ ત્યાં જુઓ. Look there. ( લુક ધેર )

૨ ત્રણ માણસો. Three men. ( થ્રી મેન )

૩ આ શું છે What is this. ( વ્હૅાટ ઈઝ ધીસ )

૪ મને મદદ કરો. Help me. ( હૅલ્પ મી )

૫ તેનું ઘર અહીંઆ છે. His house is here. ( હીઝ હાઉસ ઇઝ હીઅર )

૬ સુર્ય ગરમ છે. (The) sun is hot. ( ધી સન ઈઝ હૅાટ )

૭ તે વીષે તેને પુછો. Ask him of it. ( આસ્ક હીમ ઑાફ ઈટ )

૮ તે કુતરો દોડયો અને પડયો. That dog ran and fell. ( ધેટ ડૅાગ રૅન ઍન્ડ ફૅલ )

૯ રૂપીયા તેની કોથળીમાં છે. Rupees are in his beg. ( રૂપીઝ આર ઇન હીઝ બૅગ )

૧૦ તમારી સાદડી પેટીમાં છે. Your mat is in ( the ) box. ( યૅાર મૅટ ઈઝ ઇન ધી બૅાકસ )

૧૧ પરમેશ્વર સઘળું બનાવી શકે છે. God can make all. ( ગૅાડ કૅન મેક ઑાલ )

૧૨ તમે પાછા જાઓ અને તેને પુછો. You go back and ask him. ( યુ ગો બૅક ઍન્ડ આસ્ક હીમ )

---

## વાંચન પાઠ ૫ મો.

| | |
|---|---|
| નહી. No, Not. ( નો, નૅાટ ) | લીલો Green ( ગ્રીન ) |
| ગયો નહી. Did not go. (ડીડ નૅાટ ગો) | ને હોય છે. Has ( હૅઝ ) |

| | |
|---|---|
| તેથી So ( સો ) | પગ Legs (લેગ્ઝ) |
| કાળો. Black. ( બ્લૅક ) | અનાજ Corn ( કૉર્ન ) |
| વાપરવું. Use. ( યુઝ ) | ની પાસે છે. Have (હૅવ) બહુ વ૦ |
| વખત. Time. ( ટાઇમ ) | ઝાડ Tree ( ટ્રી ) |
| ધોળો. White. ( વ્હાઈટ ) | ઘણા Many ( મૅની ) |
| છોકરો ( પોતાનો ) Son ( સન ) | માંદો Sick ( સીક ) |
| તે The. ( ધી ) | નામ Name ( નેઈમ ) |
| હાથ. Hand. ( હૅન્ડ ) | ખાય છે Eats ( ઈટસ ) |
| ઘરડો Old ( ઓલ્ડ ) | ગયો Went [ વેન્ટ ] |
| ક્યાં Where [ વ્હેર ] | કબુતર Dove [ ડવ ] |
| હોયછે Is, Are [ ઇઝ, આર ] | પોપટ Parrot [પૅરટ] |
| જુવાન Young ( યંગ ) | રંગ Colour [ કલર ] |
| કાગડો Crow [ ક્રો ] | નો Of [ ઑફ ] |
| | મારી પાસે છે I have [ આઇ હૅવ ] |

૧ કાગડો કાળો હોયછે The crow is black [ ધી ક્રો ઈઝ બ્લૅક ]

૨ તે ખબુતર ધોળું છે That dove is white [ ધૅટ ડવ ઈઝ વ્હાઈટ ]

૩ માણસો અનાજ ખાય છે Men eat corn [ મેન ઈટ કૉર્ન ]

૪ તમારું નામ શું છે What is your name [ વ્હૉટ ઇઝ યૉર નેઇમ

૫ તે ઘરડા માણસ પાસે એક રૂપીઓ છે That old man has one Rupee [ ધૅટ ઓલ્ડ મૅન હૅઝ વન રૂપી ]

૬ મારો લીલો પોપટ ક્યાં છે Where is my green parrot [ વ્હેર ઈઝ માય ગ્રીન પેરટ ]

૭ તે જુવાન માણસ જાડો છે That young man is fat (ધૅટ યંગ મૅન ઈઝ ફૅટ)

૮ માણસો કામમાં હાથ વાપરેછે. Men use hand. in work. (મૅન યુઝ હૅન્ડ ઈન વર્ક)

૯ તેને બે પગ છે He has two legs
૧૦ તેણી માંદી છે તેથી હું ત્યાં ગયો નહી She is sick, so I did not go there. [ શી ઈઝ સીક, સો આઈ ડીડ નૉટ ગો, ધેર ]

---

## વાંચન પાઠ ૬ ઠો.

ખાવાને. To eat ( ટુ ઈટ )
બોલાવવું. Call ( કૉલ )
મોહન Mohan (મોહન) નામ છે.
શીપાઈ. Police (પોલીસ)
હેલકરી. Porter (પૉર્ટર)
કહેવું. Tell ( ટેલ )
જાણવું. Know ( નો )
મજબુત. Strong ( સ્ટ્રૉંગ )
આળસુ, Idle ( આઇડલ )
સુંદર. Pretty ( પ્રેટી )
કદરૂપુ. Ugly ( અગલી )
પૈસાદાર. Rich ( રીચ )
ગરીબ. Poor ( પૂઅર )
રહેવું. Live ( લીવ )
સુખેથી. Happily ( હૅપીલી )
કહ્યું. Told ( ટોલ્ડ )
ઇશ, ઈશ, શે. ભવીષ્ય કાળની નીશાની.
Shall ( શૅલ )
લુગડાં. Clothes ( ક્લોધ્ઝ )
જોડા. Shoes ( શુઝ )
ટાઢથી પાણી ઠરી જાય છે. Water freezes on account of cold. ( વૉટર ફ્રીઝીઝ ઑન એકાઉન્ટ ઑફ કોલ્ડ ).

બિલાડીનાં રૂવાં સુવાળાં હોય છે. Furs of a cat are very soft ( ફર્સ ઑફ એ કૅટ આર વેરી સૉફ્ટ ).

તેણે પોતાનું ઘર ઘરાણે મૂક્યું. He mortgaged his house. ( હી મૉર્ટગેજ્ડ હીઝ હાઉસ).

જોન ઓફ આર્ક ઓર્લીયન્સની મેઇડ કહેવાતી. John of Ark was called maid of Orleans. ( જોન ઑફ આર્ક વોઝ કાલ્ડ મેડ ઑફ ઓર્લીયન્સ ).

જાતીઓ બે છે, નર અને નારી. There are two sexes; male and female. (ધેર આર ટુ સેકસીઝ મેલ એન્ડ ફીમેલ ).

મેલ ટ્રેન હમેશા ઉપડે છે. The mail train starts daily. ( ધ મેલ ટ્રેન સ્ટાર્ટસ ડેઇલી ).

સીંહની યાળ લાંબી હોય છે. Mane of a lion is long. ( મેન ઑફ એ લાયન ઇઝ લૉંગ ).

ઓકસીજન હવાનો મુખ્ય અંશ છે. Oxygen is the main ingredient of air. ( ઓકસીજન ઇઝ ધ મેન ઇનગ્રેડીઅન્ટ ઑફ ઍર ).

મારી પાસે લાંબો ઝભ્ભો છે. I have a long mantle. ( આઇ હૅવ એ લૉંગ મેન્ટલ ).

અભિમન્યુ સાતમા કોઠે મુઓ. Abhimanue died in the seventh maze ( અભિમન્યુ ડાઇડ ઇન ધ સેવન્થ મેઝ )

મકાઇ હીંદુસ્તાનમાં વપરાય છે. Maize is used in India. ( મેઈઝ ઇઝ યુઝડ ઇન ઈન્ડીઆ ).

તેઓ તેમને દીવાનખાનામાં લઈ ગયા. They took them in the castle hall ( ધે ટુક ધેમ ઇન્ ધ કેસલ હૉલ ).

હેનરી બીજો લશ્કરી બળને માટે પ્રખ્યાત છે. Henry the Second is famous for his martial spirit. (હેનરી ધી સેકન્ડ ઇઝ ફેમસ ફૉર હીઝ માર્શલ સ્પીરીટ ).

આ કૃત્ય હલકું છે This is a mean act. (ધીસ ઈઝ એ મીન એક્ટ. )

તેનો દેખાવ બીહામણો હતો. His sight was fearful. ( હીઝ સાઇટ વૉઝ ફીઅરફુલ ).

કાબલી લોકો જબરા છે. The Kabulis are strong. (ધ કાબુલીઝ આર સ્ટ્રૉંગ.).

તેને બીડમાં માર્યો. He was killed in the meadow. ( હી વૉઝ કીલ્ડ ઈન ધ મેડો )

તે ત્યાં તેને મળશે. He will meet him there. ( હી વીલ મીટ હીમ ધેર ).

આ માંસ છે. This is meat. ( ધીસ ઇઝ મીટ. )

હું આ ખેતર માપું છે. I mete this field. ( આઈ મીટ ધીસ ફીલ્ડ).

મને લગાર ઉંઘવા દો. Let me take a nap ( લેટમી ટેક એ નૅપ ).

હું તમને લાત મારીશ. I will give you a nap ( આઈ વીલ ગીવ યુ એ નૅપ ].

હું જઈશ, અરે ખઇશ પણ ખરો. I will go, nay I will eat too ( આઇ વીલ ગો ને આઇ વીલ ઈટ ટુ. )

ઘોડો ખુંખારે છે. The horse neighis ( ધ હૉર્સ નેઝ ).

ચરીપર પૈડાંનો આધાર છે. Wheels are supported by a nave( વ્હીલ્સ આર સપોર્ટેડ બાય એ નેવ ).

આ લુચ્ચો છે. This is a nave ( ધીસ ઇઝ એ નેવ ).

મારે પૈસાની જરૂર છે. I am in need of money. ( આઇ ઍમ ઇન નીડ ઑાફ મની ).

આ નવી ચોપડી છે. This is a new book [ ધીસ ઇઝ એ ન્યુ બુક ].
મેં બધું જાણ્યું. I knew all ( આઇ ન્યુ ઑાલ ).
રાત્રે તારા ઉગે છે. The stars rise at night. ( ધ સ્ટાર્સ રાઇઝ ઍટ નાઇટ).
તેને લશ્કરી શીપાઇનો ખીતાબ મળ્યો. He got the title of a knight ( હી ગૉટ ધ ટાઇટલ ઑાફ એ નાઈટ ).
હું ત્યાં નહીં આવું I shall not come there ( આઈ શૅલ નૉટ કમ ધેર )
તમે કહ્યું તે મેં સાંભળ્યું છે. I have heard what you said. ( આઈ હૅવ હર્ડ વૉટ યુ સેઇડ ).

આ ટેકરી ઉંચી છે. This hill is high. ( ધીસ હીલ ઇઝ હાઇ ).
હું ત્યાં આવીશ I will come there ( હાઈ વીલ કમ ધેર ).
મારી આંખ લાલ છે My eye is red ( માય આઇ ઇઝ રેડ ).
ઘરમાં આવો. Come in the house. ( કમ ઇન ધ હાઉસ ).
તેઓ ધર્મશાળામાં જમે છે. They dine in an inn ( ધે ડાઇન ઇન ઍન ઈન)
રોમ શહેર છે. Rome is a town ( રોમ ઇઝ એ ટાઉન )
અમારા શીક્ષક જ્યુરીમાં જાય છે. Our teacher attends Jury ( અવર ટીચર ઍટેન્ડસ જ્યુરી ).

સાચું હોય તે બોલો. Speak what is true ( સ્પીક વ્હૉટ ઇઝ ટ્રુ ).
એક અઠવાડીયું ટુર્નામેંન્ટ વગર ગયું નથી. Not a week has passed without just ( નૉટ એ વીક હેઝ પાસ્ડ વીધાઉટ જસ્ટ ).
મારી પાસે કુંચીનું ઝુમખું છે. I have a bunch of keys ( આઈ હૅવ એ બંચ ઑાફ કીઝ ).
વહાણ બંદરમાં ઉભું રહે છે. The ship is anchored in the quay ( ધ શીપ ઇઝ ઍન્કર્ડ ઇન ધ કે ).
તેઓ તમને મારશે. They will kill you ( ધે ઉવિલ કીલ યુ. )

ચુનો ભઠીમાં બળે છે. Lime is burnt in a kiln ( લાઇમ ઇઝ બર્ન્ટ ઇન અ કીલ. )

મારી પાસે લાખો રૂપીઆ છે. I have thousands of rupees ( આઈ હેવ થાઉઝન્ડસ ઑફ રૂપીઝ ),

તમારી વર્તણુંક સારી નથી. You lack in your conduct ( યુ લૅક ઇન યૅાર કોન્ડક્ટ ).

હું મારા તનુ નરમ કરૂં છું. I soften my nerves (આઇ સોફ્ન માઇ નર્વસ ).

તેઓએ ગધેડા ઉપર બોજો ભર્યો. They loaded an ass with burden. ( ધે લોડેડ એન એસ વીથ બર્ડન. )

મેં મેજપર કલમ મૂકી. I laid the pen on the table. ( આઇ લેઇડ ધ પેન ઑાન ધ ટેબલ ).

તેને મેજપર મૂકવામાં આવ્યું હતું. It was laid on the table. ( ઇટ વૉઝ લેઈડ ઑાન ધી ટેબલ. )

તે પાણીમાં લપસી પડયો. He launched in water. ( હી લોન્ચ્ડ ઈન વોટર ).

આ ગલી સાંકડી છે. This lane is narrow ( ધીસ લેન ઈઝ નેરો ).

આ પાંદડું અણીવાળું છે. This leaf is forky ( ધીસ લીફ ઇઝ ફોરકી ).

તેઓ આંધળાને દોરી ગયા, They led a blind man ( ધે લેડ એ બ્લાઇન્ડ મેન ).

સીસું કાળાશપર હોય છે. Lead is rather dark ( લેડ ઇઝ રાધર ડાર્ક ).

આ પીપ કાણું છે. This tub leaks ( ધીસ ટબ લીક્સ ).

તેઓ કર મૂકે છે. They impose taxes ( ધે ઇમ્પોઝ ટેક્ષીસ ).

તે શરીરે ખોડવાળો છે. He is defective in his limp (હી ઇઝ ડીફેક્ટીવ ઈન હીઝ લીમ્બ ):

જુઓ, પેલો માણસ જાય છે. Lo, there is a man going ( લો ધેર ઈઝ એ મેન ગોઇંગ ].

ધીમેથી બોલો. Speak slowly ( સ્પીક સ્લોલી ).

તે એકલો રહે છે He lives alone ( હી લીવ્સ એલોન ).

આ તળાવમાં ઘણાં માછલાં છે.This tank contains many fishes (ધીસ ટૅન્ક કન્ટેઇન્સ મૅની ફીસીસ ).

પેટીને તાળુ વાસો Lock the box ( લૉક ધ બોક્ષ )

લોકટે નામે સરોવર છે. There is a lake named Lochtay.

ઇશ્વરે દુનીઆ બનાવી છે. God has made this world ( ગૉડ હૅઝ મેઇડ ધીસ વલ્ડૅ ).

સુતારે આ પેટી બનાવી. Carpenter made this box ( કાર્પેન્ટર મેઈડ ધીસ બોકસ ).

મારી પાસે કાળી સીસાપેન છે. I have a black pencil. ( આઇ હૅવ એ બ્લેક પેન્સીલ )

ઘોડા ઉપર ઝુલતું લુગડું હતું. The cloth on the horse was pensile. [ ધ ક્લૉથ ઑન ધ હાર્સ વાઝ પેનસીલ ).

આ જગ્યા સારી છે. This place is ag eeable. ( ધીસ પ્લેસ ઇઝ એગ્રીએબલ. ).

આ બહુ લાંબી માંછલી છે. This is a very long fish. ( ધીસ ઈઝ એ વેરી લોંગ ફીશ ).

આ રંદો અણીદાર છે. This plane is sharp- ( ધી પ્લેન ઇઝ શાર્પ ).

આ લીસો આરસ છે. This is a plain marble. ( ધીસ ઈઝ એ પ્લેઇન માર્બલ ).

હું તેને ખુશી કરીશ. I will p'ease him.( આઈ વીલ પ્લીઝ હીમ ).

તેણે ઘણાં બહાનાં કાઢયાં. He found out many pleas ( હી ફાઉન્ડ આઉટ મૅની પ્લીઝ. ).

આ લાકડી લાંબી છે. This is a long pole. ( ધીસ ઈઝ એ લોંગ પોલ. ).

મુંડી વેરો ઔરંગઝેબે નાંખ્યો. Aurongzeb laid a poll tax. ( ઓરંગઝેબ લેઇડ એ પૉલ ટેક્ષ.)

શરીરમાં ઘણાં છીન્દ્ર છે. There are many pores in the body ( ધેર આર મેની પોર્સ ઈન ધ બૉડી. )

તે પાણી રેડે છે. He pours water ( હી પોર્સ વૉટર. )

હું આખી રાત પ્લૅટફૉમપર સુઇ રહી. I slept on a platform the whole night ( આઈ સ્લેપ્ટ ઑન એ પ્લેટફૉર્મ ધ હોલ નાઇટ. )

તે ચીતારાનું પાટીયું રંગેલું છે. The painter's board is coloured ( ધ પેઈન્ટર્સ બૉર્ડ ઇઝ કલર્ડ. )

તેના ઘોડાપર જુનું જીન છે On his horse is a pannel. ( ઓન હીઝ હોર્સ ઇઝ એ પેનેલ. ).

આ પાટીઆનો કકડો ભાગેલો છે. This panel is broken. ( ધીસ પેનલ ઇઝ બ્રોકન. )

થોડીવાર ઉભા રહો. Wait for a while ( વેઇટ ફૉર એ વ્હાઈલ ).

તેના મુલકમાં સલાહ શાંતી હતી. There was peace in his dominion ( ધેર વૉઝ પીસ ઇન હીઝ ડુમીનીઅન. )

ચાકનો કકડો લાવો. Bring a piece of chalk. ( બ્રીંગ એ પીસ ઑફ ચૉક. )

યુરોપમાં મોટાં શીખરો છે. There are big summits in Europe. ( ધેર આર બીગ સમીટસ ઇન યુરોપ. )

ચામડીને ગરમ અગર ટાઢું લાગે છે. The skin feels cold or hot. ( ધ સ્કીન ફીલ્સ કોલ્ડ ઑર હૉટ. )

આ ઘંટની વીંટી લોઢાની છે This peal is made of Iron. ( ધીસ પીલ ઇઝ મેડ ઓફ આયર્ન. )

પાકને વર્ષાદ મદદ કરે છે. Rain helps crops ( રેઈનસ હેલ્પ્સ ક્રોપ્સ, )

અકબરે ૪૯ વરસ રાજ્ય કર્યું. Akbar reigned for forty nine years. ( અકબર રેઇન્ડ ફૉર ફૉર્ટી નાઈન ઇયર્સ )

તે ઘોડા ઉપર હાથ રાખી શકતે. He could rein the horse. ( હી કુડ રેઈન ધી હોર્સ. )

આ ગાંઠ મહેરબાની કરી છોડશો. Will you please untie this knot ( વીલ યુ પ્લીઝ અનટાઈ ધીસ નૉટ. )

ના હું નહીં છોડું. No, I shall not ( નો, આઇ શૅલ નૉટ )

અહીં કોઇ નથી None is here ( નન ઇઝ હીયર )

આ બાવી ખરાબ છે. This nun is vicious ( ધીસ નન ઇઝ વીસીઅસ )

તમારૂં નાક કાપી નાંખીશ. I will cut your nose ( આઇ વીલ કટ યૉર નોઝ. )

આ માપનાર સારા માણુસ છે. This meter is a good man ( ધીસ મીટર ઇઝ એ ગુડ મૅન. )

આ છંદ રમણીક છે. This metre is charming ( ધીસ મીટર ઇઝ ચાર્મીંગ )

પાણીમાં જીવ હોય છે. There are living beings in water ( ધેર આર લીવીંગ બીઇંગ્ઝ ઇન વૉટર. )

તે તેના જોરને લીધે પ્રખ્યાત છે. He is known for his might ( હી ઇઝ નોન ફોર ઈઝ માઇટ )

ઈશ્વર બળવાન છે. God is mighty ( ગોડ ઇઝ માઇટી. )

હું મારા કામને માટે પશ્ચાતાપ કરૂં છું. I repent for my actions ( આઇ રીપેન્ટ ફોર માય એકશન્સ. )

તેઓએ ઘાસ કાપ્યું છે. They have mown grass. ( ધે હેવ મોન ગ્રાસ ),

મારી આંખમાં મોતીઓ છે. There is a moti in my eye ( ધેર ઇઝ એ મોટી ઈન માય આઈ. )

આ ખાડી ઉંડી નથી. This moat is not deep ( ધીસ મોટ ઈઝ નૉટ ડીપ. )

મે ખચ્ચરપર સવારી કરી, I rode upon a mule ( આઇ રોડ અપૉન એ મ્યુલ )

શીયાળ બાળકની પેઠે રૂવે છે. Jakol mews like a child . ( જેકોલ મ્યુઝ લાઇક એ ચાઇલ્ડ. )

કેપટને થોડો વખત વિચાર કર્યો. The captain mused for a little while ( ધ કેપટન મ્યુઝ્ડ ફૉર એ લીટલ વ્હાઇલ. )

તે બધું જાણે છે. He knows all ( હી નૉઝ ઓલ. )

કાચું સોનું હીંદુસ્તાનમાંથી નીકળે છે. Ore of gold is found out in India ( ઓર ઑફ ગોલ્ડ ઇઝ ફાઉન્ડ આઉટ ઇન ઇન્ડીઆ. )

ખલાસી હલેસથી વહાણ ચલાવે છે. The sailors move the ship with oars ( ધ સેઇલર્સ મુવ ધ શીપ વીથ ઓર્સ ).

તેણે ફરી ફરી વાંચ્યું. He read it over and over again (હી રેડ ઇટ ઑવર ઍન્ડ ઑવર અગેઇન. )

આ ઘર તમારૂં છે. This is your house ( ધીસ ઇઝ યોર હાઉસ. )

એક કલાક પછી હું આવીશ. I will come ofter an hour ( આઇ વીલ કમ આફ્ટર એન અવર. )

તમારો ચહેરો ફીકો છે. Your face is pale ( યોર ફેસ ઇઝ પેલ )

લાકડાના વાસણમાં પાણી છે. There is water in a pail ( ધેર ઇઝ વોટર ઈન એ પેઇલ ).

તે કાચનો કકડો ભાગેલો છે. That pane is broken (ધૅટ પેન ઇઝ બ્રોકન. )

મારા પેટમાં દરદ છે. I have a pain in my belly. ( આઇ હેવ એ પેઇન ઇન માય બેલિ. )

મારે બુટ લેવા છે. I am to buy a pair of boots ( આઇ ઍમ ટુ બાય એ પેર ઑફ બુટસ. )

આ ફળ સડેલું છે. This fruit is putrified ( ધીસ ફ્રુટ ઇઝ પુટ્રીફાઇડ. )

## શબ્દો.

સંદેશો. Message ( મૅસેજ )
બીડી પીવી. Smoke ( સ્મોક )
ઘંટ. Bell ( બૅલ )
ચીજો. Articles ( આરટીકલ્સ )
જકાત. Duty ( ડ્યુટી )
કાકાનો. uncle's ( અંકલ્સ )
વારસ. heir ( એર )
અવાજ. noise (નૉઇઝ)
બાગ. garden ( ગારડન )
આવી પોહચી. arrived (અરાઇવ્ડ)
ટપાલ. post (પોસ્ટ)
દુધવાળો. milk-man ( મિલ્ક મૅન )
ઘરાક. customers ( કસટમર્સ )
નદી. river ( રીવર )
પલટણ. regiment ( રેજીમેંટ )
તે તાબે હોવું. belong ( બલૉંગ )
નવી. new ( ન્યુ )
દુકાન shop ( શૉપ )
પહેલાં. first ( ફર્સ્ટ )
શેહેર. city ( સિટિ )
લખ્યો. written ( રીટન)
કીધો. made out ( મેડ આઊટ)
હીસાબ. account ( અકાઉન્ટ )
સલામ કીધી. saluted ( સૅલ્યુટેડ )
મહેતાજી. teacher ( ટીચર )
અજાણ્યો. stranger ( સ્ટ્રેનજર )
બીન્યા. afraid ( અફ્રેડ )

વારંવાર. Often ( ઑફ્ન )
ગાળજો Pass (પાસ)
કીંમતબેઠી. Cost ( કૉસ્ટ )
ફેરવવું. Alter ( ઑલટર ).
લાકડી. Stick. ( સ્ટીક )
મુકી ગયા left ( લૅફ્ટ )
ઓરડો. room ( રૂમ )
પુરતું enough ( ઇનફ )
ખરૂં. true ( ટ્રુ )
વેચ્યું. sold ( સોલ્ડ)
તેહવાર. holiday ( હોલીડે )
ઘોડે બેસવું. ride ( રાઇડ )
ઓળંગવું. cross ( ક્રૉસ )
ક્યારનું. already ( ઑલરેડી )
આમંત્રણ કીધું. Invited (ઇનવાઇટેડ )
સાથે આવવાને. To accompany ( ટુ ઍકમ્પની )
વધારાનું. spare ( સ્પૅર )
બધું. altogether ( ઑલટુગેધર )
કોટ. fort ( ફૉર્ટ )
મેવો. fruit ( ફ્રુટ )
શોધવું. seek ( સીક )
ખોયું. lost ( લૉસ્ટ )
વાંચો છો. are reading (આર રીડીંગ)
ઉપડવું. start ( સ્ટાર્ટ )
કોનો. whose ( હુઝ )
જમવું. dine ( ડાઇન )

દરીયો. sea ( સી )
શોખીન. fond ( ફૉન્ડ )
શીકારના. hunting ( હન્ટીંગ )
આગબોટ. steamer ( સ્ટીમર )
વાંચી. read ( રૅડ )
રમત game ( ગેમ )
રમવું. play ( પ્લે )
કપડાં. dress ( ડ્રૅસ )
બોલો છો. speak of ( સ્પીક ઑફ )
રોકાયલા. busy ( બીઝી )
પાનું. page ( પેજ )
રસ્તો, મોહલ્લો. street ( સ્ટ્રીટ )
આવક. Income ( ઇનકમ )
બતાવવું. show ( શો )
ભજવ્યું performed ( પરફૉર્મેડ )
રાત. night ( નાઇટ )
પગાર. salary ( સૅલરી )
રકમ amount ( ઍમાઉન્ટ )
છેકી નાંખ્યો. struck off ( સ્ટ્રક ઑફ )
ધ્રુજવું. tremble ( ટ્રૅમ્બલ )
તરૂણ પુરૂષ youth ( યુથ )
શાપ. curse ( કર્સ )
ચેતવણી. warning ( ઉર્વારનીંગ )
દલગીર. sorry ( સૉરી )
દીવાસળીની પેટી. match box ( મૅચ બૉક્સ )

ભરોસો રાખવો. rely ( રીલાઈ )
તરવું. swim ( સ્વીમ )
કુદવું. jump ( જમ્પ )
ઉપર. over ( ઓવર )
ફ્રાંન્સનો french ( ફ્રેન્ચ )
બગાડયું. spoiled ( સ્પૉઇલ્ડ )
વધારે. more ( મૉર )
ઢીલ કરવી. delay ( ડીલે )
ફાડી નાખેલું. torn ( ટૉર્ન )
હસો છો, laughing ( લાફીંગ )
કામ કરતા. working ( ઉવર્કીંગ )
ધમકાવ્યો. scolded ( સ્કોલડેડ )
મદદ કરવી. help, assist ( હૅલ્પ, ઍસીસ્ટ )
સ્વપ્નું. dream ( ડ્રીમ )
ધિક્કારવું. hate ( હેટ )
એક બીજાને. each other ( ઇચ અધર )
પગાર. wages ( ઉવેજીસ )
રસોઇઓ. cook ( કુક )
બીજું. extra ( ઍકસ્ટ્રા )
ખરચ. expense ( ઍકસપેન્સ )
રહેઠાણ. residence ( રૅસીડન્સ )
છત્રી. umbrella ( અમ્બ્રૅલા. )
ખાધું. dined ( ડાઇન્ડ )
વીચાર છે. mean ( મીન )
નીકળવાનો. to start ( ટુ સ્ટાર્ટ )
ખસેડયું. removed ( રીમુવ્ડ )

બીડી. cigar ( સિગાર )
શીખવ્યું. taught ( ટૉટ )
સૌથી પાસે. nearest ( નીયરૅસ્ટ )

---

## પ્રશ્નાર્થ શબ્દો.

am ( ઍમ ) છું.
are ( આર ) છે, છો.
was ( વૉઝ ) હતો.
what ( વૉટ ) શું.
where ( વ્હેર ) જ્યાં, ક્યાં.
when ( વ્હૅન ) જ્યારે, ક્યારે.
who ( હુ ) કોણ,
whom ( હુમ ) કોને.
whose ( હુઝ ) કોનો, કોની.
whence ( વ્હૅન્સ) ક્યાંથી.
whither ( વીધર ) ક્યાં.
why ( વાઈ ) શામાટે.
will ( વીલ ) ભવીષ્યકાળની નીશાની.
which ( વીચ ) કયો, કઇ, કયું.
shall ( શૅલ ) ભવિષ્યકાળની નીશાની.
can ( કૅન ) શકવું.
did ( ડીડ ) કીધું, કર્યું.
do ( ડુ ) કરવું.
don't ( ડોન્ટ ) ના, નહીં.
does ( ડઝ ) કરે છે.
had ( હૅડ ) હતો.
has ( હૅઝ ) છે, પાસે છે.
have (હૅવ) છે, પાસે છે.
how ( હાઉ ) કેમ.
Is ( ઇઝ ) છે.
may ( મે ) વીનંતી દેખાડનાર ક્રીયાપદ.

તમે મહેતાજી છો ? Are you a teacher ? ( આર યુ આ ટીચર ? )

શું તે રસ્તાઓ સારા નથી ? Are the roads not good ? ( આર ધી રોડઝ નૉટ ગુડ ? )

તમે અજાણ્યા છો ? Are you a stranger ? ( આર યુ આ સ્ટ્રેન્જર ? )

તમે દરીઆથી બીહો છો ? Are you afraid of the sea ? ( આર યુ અફ્રેડ ઑફ ધી સી ? )

તમને તે બાઇ સાથે ઓળખાણ છે ? Are you acquainted with that lady ? ( આર યુ ઍકવેનટેડ વીથ ધૅટ લેડી ? )

તમે હમણાં કાગળ લખો છો ? Are you writing the letter now ?
(આર યુ રાઇટીંગ ધી લેટર નાઉ? )

તેઓ શિકારના શોખીન છે ? Are they fond of hunting ? ( આર ધે ફૉન્ડ ઑફ હન્ટીંગ ? )

આગબોટ કેટલે વાગતે ઉપડશે ? At what time will the steamer start? ( ઍટ હ્વૉટ ટાઇમ વીલ ધી સ્ટીમર સ્ટાર્ટ ? )

મારે કેટલે વાગતે ઉઠવું જોઇશે. At what time shall I have to get up? ( ઍટ હ્વૉટ ટાઇમ શૅલ આઇ હૅવ ટુ ગૅટ અપ ? )

સહવારે તમે કયારે ઉઠોછો ? At what time do you get up in the morning ( એટ હ્વોટ ટાઇમ ડુ યુ ગેટ અપ ઇન ધી મોરનીંગ ? )

તમે આજે કોને ઘેર જમ્યા ? At whose house did you dine to-day ( ઍટ હુઝ હાઉસ ડીડ યુ ડાઇન ટુ-ડે ? )

કાલે તમે કેટલે વાગતે જશો? At what o'clock will you go to-morrow ? (એટ હ્વૉટ ઓ'ક્લૉક હ્વીલ યુ ગો ટુ-મૉરો ? )

તમે તે કરી શકશો ? Can you do that ? ( કૅન યુ ડુ ધૅટ ? )

આપણાથી અંદર જવાશે ? Can we go in ? ( કૅન હ્વી ગો ઇન ? )

હું તમારી ઉપર ભરોશો રાખું ? Can I rely on you ? ( કૅન આઇ રીલાઇ ઑન યુ ? )

તમે તરી શકો છો ? Can you swim ? ( કૅન યુ સ્વિ-મ ? )

તમારા ભાઇએ રજા લીધી છે કે નહી ? Has your brother taken leave or not ? ( હૅઝ યૉર બ્રધર ટેકન લીવ ઑર નૉટ ) ?

મારી શીશાપેન કોઇની પાસે છે કે ? Has anybody got my pencil ? ( હૅઝ ઍનીબૉડી ગૉટ માઇ પેનસીલ ? )

તેને પુછયું કે તમે તેને આમંત્રણ કર્યું ? Have you asked him about his invitation ? ( હૅવ યુ આસ્કડ હીમ ઍબાઉટ હીઝ ઇનવીટેશન )

તમે તે આગબોટ જોઇ છે કે ? Have you seen that steamer ? (હેવ યુ સીન ધૅટ સ્ટીમર ?

તમે બીલ લાવ્યા ? Have you brought the bill ? (હેવ યુ બ્રોટ ધી બિલ ? )

તમને મારી સાથે આવવાને ફુરસદ છે ? Have you leisure to accompany me ? ( હૅવ યું લીઝર ટુ ઍકમ્પની મી ? )

તમે કોઇ વાર લંડનુ ગયા છો ? Have you ever been to London ? [હેવ યુ એવર બીન ટુ લંડન ? ]

તમારી પાસે કાંઈ વધારાની પેટી છે ? Have you any spare box ? ( હૅવ યુ ઍની સ્પૅર બૅાકસ ? )

તમે તે બધું પુરૂં કર્યું છે ? Have you finished it ? ( હૅવ યુ ફીનીસ્ડ ઈટ ?)

તમારી પાસે કાંઈ પરચુરણ છે ? Have you any change ? ( હૅવ યુ ઍની ચેન્જ ? )

તમે તે બાગમાં ગયા નથી કે ? Have you not been in that garden ? ( હૅવ યુ નૅાટ બીન ઇન ધૅટ ગારડન ? )

તમે મારા બાપને જોયા છે ? Have you seen my father ? ( હૅવ યુ સીન માય ફાધર ? )

તમે તેને ચોપડી આપી નથી કે ? Have you not given him the book? ( હૅવ યુ નૅાટ ગીવન હીમ ધી બુક )

તમે તેને કાગળ લખ્યો કે ? have you written that letter to him ? ( હૅવ યુ રીટન ધૅટ લૅટર ટુ હીમ )

તમે મારો હીસાબ કર્યો નથી ? Have you not made out my account? ( હૅવ યુ નૅાટ મેડ આઊટ માય ઍકાઊન્ટ ? )

તમે મારા મીત્રને સલામ કરી કે ? Have you saluted my friend ? ( હૅવ યુ સૅલ્યુટેડ માઈ ફ્રેન્ડ ? )

તમે કેવી રીતે ગયા? How did you go? (હાઉ ડિડ યુ ગો?)

અહીંથી લંડન કેટલું દુર છે? How far is London from here? (હાઉ ફાર ઈઝ લન્ડન ફ્રોમ હીઅર)

તમને આ શેહેર કેવું લાગે છે? How do you like this town? (હાઉ ડુ યુ લાઇક ધિસ ટાઉન?)

તમે અહિયાં કેટલી વખત આવ્યા છો? How often have you been here? (હાઉ ઑફ્ન હૅવ યુ બીન હીયર?)

તમે અહિયાં કયાં સુધી રહેશે How long will you be here! (હાઉ લૉંગ વીલ યુ બી હીઅર?)

આપણે વખત કેમ ગુજારશું? How shall we pass the time? (હાઉ શૅલ ઉવી પાસ ધી ટાઇમ?)

મારે કેટલો વખત રાહ જોવી પડશે? How long shall I have to wait? (હાઉ લૉંગ શૅલ આઇ હૅવ ટુ ઉવેટ?)

તે પેટીની તમને શું કીંમત બેઠી? How much did that box cost you? (હાઉ મચ ડિડ ધૅટ બૉકસ કૉસ્ટ યુ?)

આની શી કીંમત બેઠી? How much did this cost you? (હાઉ મચ ડિડ ધિસ કૉસ્ટ યુ)

તેણે તમને કેટલું આપ્યું? How much did he give you? (હાઉ મચ ડિડ હી ગીવ યુ?)

તમે મને કહી શકશો કે "પી" કયાં રહે છે? Can you tell me where P. lives? (કૅન યુ ટૅલ મી ઉહૅર પી લીવઝ?)

તમે તેને તેને ઘેર લઇ જઇ શકશો? Can you take him to his house? (કૅન યુ ટેક હીમ ટુ હીઝ હાઉસ?)

તમે પેલી ખુરશી ઉપરથી કુદકો મારી શકશો? Can you jump over the chair? (કૅન યુ જમ્પ ઓવર ધી ચેર?)

તમે તેને તે સંદેશો આપ્યો કે ? Did you give him the message ? (ડિડ યુ ગીવ હીમ ધી મૅસેજ ?)

તમે બીડી પીઓ છો ? Do you smoke ? ( ડુ યુ સ્મોક ? )

તમે તે ઘંટ સાંભળો છો ? Do you hear the bell ? ( ડુ યુ હીયર ધી બૅલ ? )

તમે મીસ્તર "જે." ને ઓળખો છો ? Do you know Mr. J ? ( ડુ યુ નો મીસ્ટર જે ? )

તમને ખબર છે કે તે ક્યાં છે. Do you know where he is ? ( ડુ યુ નો હ્વૅર હી ઇઝ ? )

શું આ માલની કાંઈ જકાત પડે છે ? Do these articles require duty to be paid ? ( ડુ ધીઝ આરટીકલ્સ રીકવાયર ડયુટી ટુ બી પેડ ? )

તમે મને કહેશો ? Will you speak to me ? ( વીલ યુ સ્પીક ટુ મી ? )

તમે જાણો છો કે તે કોણે કીધું ? Do you know who did that ? ( ડુ યુ નો હુ ડીડ ધૅટ ? )

તમે તેને ઓળખતા નથી ? Do you not know him ( ડુ યુ નૅાટ નો હીમ ? )

મારા ભાઇ પાસે કોના પૈસા છે ? Whose money my brother has ? ( હુઝ મની માય બ્રધર હૅઝ ? )

તમે આ અવાજ સાંભળો છો ? Do you hear this noise ? ( ડુ યુ હીઅર ધિસ નૉઇઝ ? )

તમારો મારા બાપને કહેવાનો વીચાર છે ? Do you intend to tell my father ? ( ડુ યુ ઇનટૅન્ડ ટુ ટેલ માઇ ફાધર ? )

તે જે કહે છે તે તમે સમજતા નથી ? Don't you understand what he says ? ( ડૉન્ટ યુ અનડરસ્ટૅન્ડ હવૉટ હી સેઝ ? )

શું તમારો છોકરો ઇંગ્રેજી શીખે છે ? Does your son learn English ? ( ડઝ યૉર સન લર્ન ઇંગ્લિશ ? )

તે આટલામાંજ રહે છે ? Does he live somewhere here ? ( ડઝ હી લિવ સમહ્વેહેર હીઅર ? )

શું તે બાગમાં રહે છે ? Does he live in the garden ? (ડઝ હી લિવ ઇન ધી ગારડન ? )

આગગાડી આવી પોહોચી છે શું ? Has the train arrived ? (હૅઝ ધી ટ્રેન ઍરાઇવ્ડ ? )

તે દુધવાળો આવ્યો કે ? Has the milkman come ? ( હૅઝ ધી મિલ્કમૅન કમ ? )

તમારો દોસ્તદાર ગયો ? Has your friend gone ( હૅઝ યૉર ફ્રેન્ડ ગૉન )

કોઇને દરજીને બોલાવવા મોકલ્યો છે કે ? Has anybody been sent for the tailor ? (હૅઝ ઍનીબૉડી બીન સૅન્ટ ફૉર ધી ટેલર ? )

તેના ઘણાં ઘરાક છે કે ? Has he got many customers ? ( હૅઝ હી ગૉટ મૅની કસટમર્સ ? )

## The Noun ( ધી નાઉન્ ) નામ વીશે.

A noun is the name of any person, place or thing કોઇ પુરૂષ, સ્થળ, અથવા વસ્તુના નામને નામ કહેછે; as, Gopal, (ગોપાલ) છોકરાનું નામ છે. Surat, (સુરત) શહેરનું નામ છે. Horse (હોર્સ) ઘોડો, Gold (ગોલ્ડ) સોનું. વીગેરે.

Nouns are of five kinds :—

(1) A Proper Noun ( એ પ્રૉપર નાઉન ) વિશેષ નામ. is the name of only one person or thing: વિશેષ નામ એટલે એકજ પુરૂષ અથવા સ્થળનું નામ જેમકે. John [જોહન] માણસનું નામ છે. India [ઇન્ડીઆ] દેશનું નામ છે. Ganges ( ગેન્જીસ ) ગંગાનદી.

(2) A Common Noun ( એ કૉમન નાઉન ) (સામાન્ય નામ) is

the name which can be given to all things of the same kind; જે શબ્દ એક વર્ગના દરેકને લાગુ પડે તેને સામાન્ય નામ કહે છે. જેમકે. Horse ( હૉર્સ ) ઘોડો, Cow ( કાઉ ) ગાય, Man ( મૅન ) માણસ.

(3) A Collective Noun (એ કલેકટીવ નાઉન ) ( સમુહવાચક નામ) denotes a number of person or things taken as one; as, flock, army, crowd &c. જેમકે. Flock ( ફ્લૉક ) ટોળું. Army ( આર્મી ) ફોજ Crowd ( ક્રાઉડ ) ટોળું. જે શબ્દ પુરૂષ અથવા વસ્તુના નામનો સમુહ બતાવે છે તે શબ્દને સમુહવાચક નામ કહે છે.

(4) A Material Noun ( એ મેટીરીઅલ નાઉન ) પદાર્થ સુચક નામ. denotes the name of substances; as, iron ( આયર્ન ) લોઢું gold ( ગોલ્ડ ) સોનું stone, ( સ્ટોન ) પથ્થર. wood. ( વુડ ) લાકડું. પદાર્થ સુચક નામ કોઈ પદાર્થનું નામ બતાવે છે.

(5) An Abstract Noun ( ઍન ઍબસ્ટ્રેક્ટ નાઉન ) ( ભાવ વાચક નામ ) is the name of a quality or action; જે નામ પ્રાણી, પદાર્થ ન દેખાડતાં તેઓમાં રહેલો ગુણ, સ્થિતિ, વિગેરે બતાવે છે તેને ભાવવાચક નામ કહે છે. જેમકે, whiteness ( વ્હાઈટનેસ ) ધોળાપણું. Bravery (બ્રેવરી ) બહાદુરી. Truth ( ટ્રુથ ) સાચ.

## વાંચન પાઠ ૫૧ મો.

| | |
|---|---|
| શક્તીવાળું. able (એબલ.) | સોટી cane (કેન.) |
| બોલવું to speak (ટુ સ્પીક.) | વાપરવી to use (ટુ યુઝ.) |
| રવીવાર Sunday (સન્ડે.) | તાવ fever (ફીવર.) |
| જોરથી loudly (લાઉડલી.) | કાગડો crow (ક્રો,) |
| જમીન ground (ગ્રાઉન્ડ.) | ખાટલો cot (કૉટ.) |
| પકડયું caught (કૉટ.) | ભોંયરૂં. celler (સેલર.) |

| | |
|---|---|
| વેચનાર seller (સેલર) | તાંત chord (કાર્ડ.) |
| દોરડું cord (કાર્ડ.) | બળદ bullock (બુલોક.) |
| રીતભાત manners (મૅનર્સ) | દરમીયાન course (કોર્સ.) |
| કામ work [વર્ક.] | ખાતરી sure [સ્યુર.] |
| દુધ milk [મિલ્ક.] | ઘણે દરજ્જે (ઘણું) pitch [પીચ.] |
| પડવું to fall [ટુ ફૉલ.] | સાંભળવું to hear [ટુ હીઅર.] |
| પણ even [ઇવન.] | જન્મથી by birth [બાય બર્થ] |
| ભાગ્યેજ seldom [સેલ્ડમ.] | તસ્દી લેવી deign [ડેઇન.] |
| ભાગવું to break [ટુ બ્રેક.] | અંધારૂં dark [ડાર્ક.] |

મીયાંનો એક છોકરો વલ્લી હતો. One of the two sons of Miya was Valli [વન ઑફ ધી ટૂ સન્સ ઑફ મીઆં વૉઝ વલ્લી.]

તેનાથી બોલાય એવું પણ નહોતું. He was not able to speak even [હી વૉઝ નૉટ એબલ ટુ સ્પીક ઇવન.]

કોણ જાણે તે કોનો છોકરો હતો He does not know whose son he was. (હી ડઝ નૉટ નો હુઝ સન હી વૉઝ.)

સોટી ઘણી ક્વચિત્ વાપરવી. A cane should be used very seldom (એ કેઇન શુડ બી યુઝડ વેરિ સેલ્ડમ.)

ગયે સોમવારથી એને તાવ આવે છે. He has caught fever since Monday last (હી હેઝ કૅાટ ફીવર સીન્સ મન્ડે લાસ્ટ.)

હું ત્યાં આવ્યો ત્યારે તે ખાટલા ઉપર પડયો પડયો ઉંઘતો હતો. When I came there, he lay asleep on a cot (વ્હેન આઇ કેઈમ ધેર, હી લે અસ્લીપ ઑાન એ કૉટ.)

પેલો કાગડો મોટેથી કાકા કરે છે. તે તમે સાંભળો છો? Do you hear how loudly that rook crows? (ડુ યુ હીઅર હાઉ લાઉડલી ધૅટ રૂક ક્રોઝ)

જમીન ઉપર પદાર્થ પડે છે તેનું કારણ તેઓને માલુમ નથી. They don't

know the cause of bodies falling to the ground ( ધે ડોન્ટ નો ધ કૅાઝ ઑાફ બૅાડીઝ ફૅાલીંગ ટુ ધ ગ્રાઉન્ડ. )

તે જે ભોંયરામાં ઉતર્યો તેમાં અંધારૂં હતું. The celler he went down into, was dark ( ધ સેલર હી વેન્ટ ડાઉન ઇન્ટુ વૉઝ ડાર્ક. )

આ માણસ બરફ વેચનાર છે. This man is a seller of ice ( ધીસ મેન ઇઝ એ સેલર ઑાફ આઈસ )

મેં તે તાંત તોડયો હશે. I would have broken the chord ( આઇ વુડ હેવ બ્રોકન ધ કૉર્ડ.)

બળદને દોરડું બાંધ્યું તે તેણે તોડી નાંખ્યું છે. The bullock has broken the cord which held him ( ધી બુલૅાક હેઝ બ્રૉકન ધ કોર્ડ વ્હિચ હેલ્ડ હીમ. )

તેની રીતભાત ઘણી જંગલી હતી. His manners were very coarse ( હીઝ મૅનર્સ વૅર વૅરિ કોર્સ )

આખા દહાડામાં ગમે ત્યારે હું એ કામ કરીશ. I will do this work in the course of the day ( આઇ વિલ ડુ ધીસ વર્ક ઇન ધ કોર્સ ઑાફ ધી ડે. )

આલ્ફ્રેડ ધી ગ્રેટ એ જાતે સાકશન હતો, ડેન નહોતો. Alfred the great was a Saxon not a Dane by birth ( ઍાલ્ફ્રેડ ધી ગ્રેટ વૉઝ એ સેક્સન, નૉટ એ ડેઈન બાય બર્થ. )

મને નથી લાગતું કે તે એમ કરશે. I do not think he will do so ( આઇ ડુ નોટ થીંક હી વિલ ડુ સો. )

## The Adverb (ઍડવર્બ) ક્રીયાવિશેષણ વીષે.

An Adverb ( ક્રિયાવિશેષણ અવ્યય ) is a word which qualifies a verb, an adjective or another adverb. જે શબ્દ કોઈ ક્રિયાપદ, વિશેષણ, કે બીજા કોઈ ક્રિયાવિશેષણના અર્થમાં વધારો બતાવે છે તે; જેમકે;— Walk *quickly*; it is *too* large, he studies very *diligently*. **Adverbs ની મુખ્ય ચાર જાતો છે. તે નીચે પ્રમાણેઃ—**

(1) Adverbs of time :—After, afterwards, again, ago, already, always, before, by-and-by, daily, early, ever, formerly hereafter, hereupon hourly, immediately, late, lately, long monthly, mostly, never, next, now-a-days, after, once, presently· seldom, since sometimes, soon, there-upon, to-day too, to-morrow, until, weekly, when, while; yearly, yesterday &c

(2) Adverbs of place :—Above, abroad; after, ahead, anywhere, apart, around, ashore, aside, away, back, before, behind, below, beneath, beyond, down, else·where, every-where, far, forth forward fro, hence, here, hither, in, into, left, near, whence; where &c.

(3) Adverbs of Manner :—Thus, so, well, quickly, as (જેમ) how, well, ill, badly, aloud, rightly &c.

(4) Adverbs of Degree :—Almost, altogether; enough, especially, exceedingly, greatly, hardly, highly, how, least, less, more, most, nearly, only quite, scarcely ,too, very, wholly. &c.

# The Interjection ( ઇન્ટરજેકશન )

## કેવળપ્રયોગી અવ્યય.

જે શબ્દ કંઇ અકસ્માત મનોવિકાર બતાવે છે તેને કેવળપ્રયોગી અવ્યય કહે છે. જેમકે:—Oh ! ( ઑહ ) અરે ! Ah ! Alas !

Hurrah ! ( હુરરા ) ( શાબાશ ! ) Lo ! Behold ! Welcome &c.

Oh ! It is so ( ઓહ ઇટ ઇઝ સો ) અરે ! તે એવું છે.

Ah ! James has also come late ( આ ! જેઈમ્સ હેઝ ઑાલ્સો કમ લેઈટ ) અરેરે ! જેઇમ્સ પણ મોડો આવ્યો છે.

Alas ! We could not go in time ( એલાસ્ ઉવિ કુડ નૉટ ગો ઇન ટાઇમ ) અફ્સોસ ! અમે વખતસર જઇ શક્યા નહી.

Hurrah ! to that gentle man ( હુરરા ટુ ધૅટ જેન્ટલ મૅન. ) શાબાશ તે ઉમરાવ માણસને.

Lo ! we go ( લો! ઉવી ગો. ) જો, અમે જઈએ છીએ.

Behold ! I am going ( બીહોલ્ડ ! આઇ એમ ગોઇંગ ) જુઓ હું જાઉં છું.

Welcome ! to all who may come ( ઉવેલકમ ! ટુ ઑાલ હુ મે કમ) જે સઘળા આવે તે ભલે આવો.

---

## વાંચન પાઠ પર મો.

મુશ્કેલ difficult ( ડીફીકલ્ટ. )
નક્કી કરવું to determine ( ડીટરમિન )
હુશિયાર clever ( ક્લેવર. )
સાચું truth ( ટ્રુથ )
ઘણા many ( મૅનિ. )
ખરેખર really ( રીઅલિ. )
થાકી ગયેલો tired ( ટાયર્ડ. )
શીખવું learn ( લર્ન )
ઉંઘવું to sleep ( ટુ સ્લીપ )
યુરોપીઅન European ( યુરોપીઅન )
ઘણું સારું far better ( ફારબેટર )

કરતાં than ( ધેન. )
કદી never ( નેવર. )
કામ business ( બીઝનેસ. )
ઘણું કરીને nearly ( નિઅર્લી. )
ઘણું કરીને mostly ( મૉસ્ટલી )
ઘણું કરીને generally ( જનરલી. )
ખાસ રીતે particularly ( પર્ટીક્યુલર્લી )
મુખ્યત્વે કરીને especially ( એસપેશિઅલી )
પણ too ( ટુ. )
એવી વખતે such a time ( સચ એ ટાઇમ )
વર્ગ class ( કલાસ. )

શીખવવું to teach ( ટુ ટિચ. )
આગળ forward ( ફૉર્વર્ડ. )
પહેલાં before ( બીફૉર. )
પછીથી afterwards ( આફ્ટરવર્ડ્ઝ )
આગળ ઉપર on ( ઑન. )
જંગલી, બેઅદબ rude ( રૂડ. )
વખત time ( ટાઇમ. )
આગળ ચાલવું to walk ( ટુ વૉક )
હુંશિયાર clever ( કલેવર )
આળસુ Idle ( આઇડલ )
પણ also ( ઑલ્સો. )
માંદી sick ( સિક. )
પણ even ( ઇવન. )
નાનાં નાનાં young ( યંગ. )

તે વાત નક્કી કરવી મુસ્કેલ છે. It is difficult to determine that case. ( ઇટ ઇઝ ડીફીકલ્ટ ટુ ડીટરમિન ધૅટ કેઇસ. )

તમારી પાસે આવ્યાથી તે શું શિખે છે ? What does he learn by coming to you ? ( વ્હોટ ડઝ હી લર્ન બાય કમીંગ ટુ યુ. )

થાકી ગયો ત્યાં લગી મેં વાંચ્યું, અને પછી ઉંઘી ગયો. I read till I was tired and then went to sleep ( આઇ રેડ ટીલ આઈ વૉઝ ટાયર્ડ ઍન્ડ ધેન વેન્ટ ટુ સ્લિપ. )

તમે ઘણા હોંશિયાર છો, પણ બરોબર યુરોપીઅનની પેઠે બોલતા નથી. You are very clever, but can't speak just like a European ( યુ આર વેરિ કલેવર બટ કાન્ટ સ્પીક જસ્ટ લાઇક એ યુરોપિઅન. )

સાચું કહેવડાવો તો તે તમારામાંનાં ઘણા કરતાં તે બહુ સારૂં લખેછે. To tell you the truth, he writes far better than many of you ( ટુ ટેલ યુ ધ ટ્રુથ, હી રાઇટસ ફાર બેટર ધૅન મૅનિ ઑફ યુ. )

મારા કરતાં તે બહુ સારી રીતે શિખવે છે. He teaches far better than me ( હી ટીચીઝ ફાર બેટર ધૅન મી )

મેં તને આગળ કદી દીઠો નહોતો. I never saw thee before ( આઇ નેવર સૉ ધી બિફોર. )

મારૂં કામ એ છે કે, તમારી આગળ ચાલવું. My business is to walk before you ( માય બીઝનેસ ઇઝ ટુ વૉક બીફોર યુ )

તમે કેમ આગળ ચાલો છો. Why do you go forward ( વ્હાય, ડુ યુ ગો ફોરવર્ડ ? )

તે તમે પછી કરો તો સારૂં. I wish you did it afterwards ( આઇ વિશ યુ ડીડ ઇટ આફ્ટરવર્ડઝ )

તેને કહો કે આગળ વાંચતો નહી Tell him not to go on reading ( ટેલ હિમ નૉટ ટુ ગો ઑન રીડીંગ. )

ઘણું ખરૂં તેઓએ બધુ પુરૂં કીધું છે. They have finished nearly the whole ( ધે હૅવ ફીનીસ્ડ નીઅર્લી ધ હોલ.)

તેઓ ઘણું કરીને વાણીયા હતા, They were mostly banias (ધે વેર મોસ્ટલી બનીયાઝ. )

નાનાં નાનાં છોકરાં ઘણું કરીને હોશિયાર હોય છે. Young boys are generally clever ( યંગ બૉઈઝ આર જનરલી કલેવર )

ઘણું કરીને તે બારમી તારીખે જશે. He will probably go on the 12th ( હી વીલ પ્રૉબેબ્લી ગો ઑન ધ ટ્વેલ્થ.)

આ વર્ગના છોકરાંઓ ઘણાં હોશિયાર છે, The boys in this class are very clever ( ધ બૉયઝ ઈન ધીસ કલાસ આર કલેવર. )

ઘણું કરીને એવી વખતે એમ કહેવું ઘણું બેઅદબી ભરેલું છે; It is very rude to say so, especially at such a time. ( ઇટ ઈઝ વેરિ રૂડ ટુ સે સો, એસપેશીઆલી ઍટ સચ એ ટાઈમ. )

તે હુશિયાર પણ આળસુ છે, He is diligent but careless. ( હી ઇઝ ડીલીજન્ટ બટ કેરલેસ.)
તેઓ પણ જશે. They also will go (ધે ઑલસો ઉવિલ ગો.)
તે પણ માંદી હતી. She too was sick (શી ટુ વૉઝ સીક.)

---

## વાંચન પાઠ ૫૩ મો.

વાંધો, તકરાર. dispute (ડીસ્પ્યુટ.)
ઉભા રહેવું. to stand (ટુ સ્ટેન્ડ.)
ટોળું. crowd (ક્રાઉડ.)
જણ-માણસ. persons (પર્સન્સ.)
શિવાય. without (વીધોટ.)
સિવાય. unless (અનલેસ.)
સિવાય. but (બટ.)
સિવાય. except (એકસેપ્ટ.)
તે ઉપરાંત. besides (બીસાઇડઝ.)
ઈનામ મળવું. to reward (ટુ રીવૉર્ડ)
ચોપડી. book (બુક.)
આપવું. to give (ટુ ગીવ.)
વચ્ચે. amidst (એમિડ્સ્ટ)
પહેલો. first ( ફર્સ્ટ )
ઘણું કરીને. generally (જનરલી.)
વર્ગ. class (કલાસ.)
રાખવું. to keep (ટુ કીપ.)
વચ્ચે between (બીટવિન.)
વચ્ચે. middle મીડલ. ( મધ્યમાં )
વચ્ચે. among (એમંગ.)
કજીઓ. quarrel (કવૉરલ.)
કજીઓ થવો. to break out ( ટુ બ્રેક આઉટ. )
હાજર. present (પ્રેઝન્ટ.)
તને. thee (ધી.)
સઘળા. all (ઑલ.)

મારી અને તેની વચ્ચે વાંધો છે. There is a dispute between me and him ( ધેર ઇઝ એ ડીસ્પ્યુટ બીટવીન મી એન્ડ હીમ )
આ છોકરો ઘણું ખરું વર્ગમાં પહેલો રહે છે. This boy generally keeps first in the class. (ધિસ બૉય જનરલી કીપ્સ ફર્સ્ટ ઇન ધી કલાસ.)
તે માણસો વચ્ચે કજીઓ થયો. A quarrel broke out among those persons. (એ કવૉરલ બ્રોક આઉટ ઍમંગ ધોઝ પર્સન્સ. )
તે લોકોની વચ્ચે ઉભો હતો. He was standing amidst the people ( હી વૉઝ સ્ટેન્ડીગ એમીડસ્ટ ધ પીપલ )

તેના સિવાય તેઓ ઘેર પાછા ગયા. They returned home without him. ( ધે રીટર્ન્ડ હોમ્ વીધાઉટ હીમ. )

તારા સિવાય બધા હાજર હતા. All were present but thee ( ઑલ વૅર પ્રેઝન્ટ બટ ધી)

તે છોડી સિવાય સઘળાને ઇનામ મળ્યું. All were rewarded besides that girl. (ઑલ વૅર રીવોર્ડેડ બીસાઈડ્ઝ ધૅટ ગર્લ )

તે ચોપડી આપ્યા સિવાય હું તેને જવા નહિ દઉં. I will not let him go, unless he gives me that book. (આઇ ઉવિલ નૉટ લેટ હીમ ગો, અનલેસ હી ગીવ્ઝ મી ધેટ બુક.)

મારા સિવાય બધા માંદા પડયા. All took fever except me. ( ઑલ ટુક ફીવર એકસેપ્ટ મી.)

મોતીલાલ અને ચમનભાઇ વચ્ચે તકરાર છે. There is a despute between Motilal and Chamanbhai ( ધેર ઇઝ એ ડીસ્પ્યુટ બીટવીન મોતીલાલ એન્ડ ચમનભાઇ )

---

## વાંચન પાઠ ૫૪ મો.

ફક્ત. only ( ઓનલી. )
ઝાપટું. shower ( શાવર )
ભીંજવું. wet ( ઉએટ )
બદલવું. change ( ચેન્જ )
કપડાં. clothes ( કલોધ્ઝ )
સુરજ, sun ( સન )
ચંદ્ર. moon ( મૂન )
પ્રકાશે છે. shines ( શાઈન્સ )
હુશીયાર. Intelligent, clever ( ઇન્ટેલીજન્ટ, કલેવર )
બાઇ. lady ( લેડી )
દેખાય છે. looks (લુકસ.)
એકલા. alone ( અલોન)
મીજાજ. temper ( ટૅમપર )
સુકવો. dry ( ડ્રાઇ )
પાઠ. lesson ( લેસન )
શીખતાં. learning (લર્નીંગ )
અભ્યાસ કરવો. study ( સ્ટડી )
દેખાવું. appear ( ઍપીઅર )
બેહેન. sister ( સીસટર )

મરજી. desire ( ડીઝાયર ) ગુસ્સે. angry ( ઍન્ગ્રી )
ઇનામ. reward ( રીવૉર્ડ )

તે ફક્ત ઝાપટું હતું. It was only a shower ( ઈટ વૉઝ ઓનલી આ શાવર )

તમે ભીંજાઇ જશો. You will get wet ( યુ ઉવીલ ગૅટ ઉવૅટ )
શું તમે ભીંજાઇ ગયા ? Did you get wet ? ( ડીડ યુ ગૅટ ઉવૅટ ? )
હું ભીનાઇ ગયો છું. I have got wet ( આઈ હૅવ ગૉટ ઉવૅટ )
તેના કપડાં બદલો. Change his clothes ( ચેન્જ હીઝ ક્લોધ્ઝ )
આ કપડાં સુકવો. Dry these clothes. ( ડ્રાઇ ધીઝ ક્લોધ્ઝ )

તડકો ચઢવા માંડયો છે. The sun is coming out ( ધી સન ઈઝ કમીંગ આઉટ )

ચંદ્ર પ્રકાશે છે. The moon shines ( ધી મૂન શાઇન્સ )
ચાંદરાત ક્યારે દેખાશે ? When will the new moon appear? ( વ્હેન ઉવીલ ધી ન્યુ મુન ઍપીયર ? )

આ બાઇ કોણ છે ? Who is this lady ? ( હુ ઇઝ ધીસ લેડી ? )
તે મારી બેહેન હતી. She was my sister. ( શી વૉઝ માઇ સીસ્ટર )

તેને જઇને પુછો. Go and ask her ( ગો ઍન્ડ આસ્ક હર )
તે મારી સાથે ગુસ્સે છે. She is angry with me (શી ઇઝ ઍનગ્રી ઉવીથ મી)
તે તમારી સાથે કેમ ગુસ્સે છે ? Why is she angry with you ? (વ્હાય ઇઝ શી ઍનગ્રી ઉવીથ યુ ? )

આજે મારા શેઠ ઘણાં ગુસ્સે દેખાય છે. My master looks very angry to-day. ( માય માસ્ટર લુકસ વૅરી ઍનગ્રી ટુ-ડે )

એને છેડતા ના, એનો મિજાજ ગયેલો છે. Let him alone, he has lost his temper ( લૅટ હીમ અલોન, હી હૅઝ લૉસ્ટ હીઝ ટૅમ્પર )

તેણે મારી સાથે કજીઓ કર્યો. He fell out with me ( હી ફૅલ આઉટ ઉવીથ મી )

તમારે મારી સાથે ગુસ્સે થવું નહીં જોઇએ. You should not be angry with me. ( યુ શુડ નૉટ બી ઍન્ગ્રી હ્વીથ મી )

તે મારી સાથે ગુસ્સે હતો. He was angry with me ( હી હ્વૉઝ ઍનગ્રી હ્વીથ મી )

તમે શાને માટે ગુસ્સે છો ? What are you angry about ? ( હ્વૉટ આર યુ એન્ગ્રી ઍબાઉટ )

તમે અહીંયાં શું કરો છો ? What are you doing here ? (વૉટ આર યુ ડુઇંગ હીઅર ? )

હું મારો પાઠ શીખું છું. I am learning my lesson ( આઈ ઍમ લર્નીંગ માય લેસન )

તેને અભ્યાસ કરવો ગમે છે. He likes to study ( હી લાઇકસ ટુ સ્ટડી )

## વાંચન પાઠ ૫૫ મો.

બન્યું, થયું. happened ( હૅપન્ડ )
અકસમાત. accident ( ઍકસીડન્ટ)
અરધો. half ( હાફ )
મીનીટ. minutes (મીનીટસ )
તોપ. gun ( ગન )
ફુટી. fired ( ફાયર્ડ )
દશ. ten ( ટૅન )
ભુલી ગયો. forgot ( ફરગૉટ )
કુંચી આપવી. wind ( હ્વાઇન્ડ )
બંધ પડયું. stopped ( સ્ટૉપ્ડ )
બરોબર. right ( રાઈટ )
માંડવું. set (સૅટ)
પથારી. bed ( બેડ )
પા. quarter ( કવૉર્ટર )
થઈ ગયો. past ( પાસ્ટ )
હાથ. hands ( હૅન્ડઝ )
કાળજી, સંભાળ. care (કૅર)
થંડુ. cold ( કોલ્ડ )
વખત. time ( ટાઇમ )
ઘડિયાળ. clock ( કલૉક )
ઘણું જલદી. too fast ( ટુ ફાસ્ટ )
ઘણું ધીમું. too slow ( ટુ સ્લો )
બગડેલું. out of order. ( આઉટ ઑફ ઑરડર )
જગ્યા, ઓરડો. room ( રૂમ )
કુંચી. key ( કી )

વખત. time (ટાઇમ)
ઊઠવું. rise ( રાઇઝ )
ઓલવાઈ જવી. extinguished
( ઍક્સટીંગ્વીશડ )
સુધી. Till. ( ટીલ)
ઊઠવું. Get up ( ગૅટ અપ )

દીવો. lamp ( લૅમ્પ )
બત્તી. light ( લાઇટ )
સુરજ ઉગતાં. sun-rise ( સન-રાઇઝ )
હોલવી નાખવી. put out (પુટ આઉટ)
તેલ. Oil. ( ઑઇલ )

ત્યાં કાંઈ બન્યું છે. Something has happened there ( સમથીંગ હૅઝ હૅપન્ડ ધૅર )

કાંઈ બન્યું નથી. Nothing has happened ( નથીંગ હૅઝ હૅપન્ડ )
શું બન્યું હતું ? What had happened ? ( વ્હૉટ હૅડ હૅપન્ડ ? )
એ ક્યારે બન્યું ? When did that happen ? ( વ્હૅન ડિડ ધૅટ હૅપન ? )
તેને શું થયું છે ? What has happened to him ? ( વ્હૉટ હૅઝ હૅપન્ડ ટુ હીમ ? )

તેણીને અકસ્માત થયો છે. She has had an accident ( શી હૅઝ હૅડ ઍન ઍક્સીડન્ટ )

મારા હાથ ઠંડા છે. My hands are cold ( માય હૅન્ડઝ આર કોલ્ડ )
હું તેની સંભાળ લઇશ. I will take care of him ( આઈ વીલ ટેક કૅર ઑફ હીમ )

તે મારી ઓળખીતી હતી. She was my acquaintance ( શી વૉઝ માય ઍક્વેન્ટન્સ )

તમે શું કહો છો ? What do you say ? ( વ્હૉટ ડુ યુ સે ? )
કેટલા વાગ્યા ? What's the time ? ( વ્હૉટ્સ ધી ટાઇમ ? )
સવા સાત Quarter past seven ( ક્વૉર્ટર પાસ્ટ સેવન )
સાડા દશ. Half past ten ( હાફ પાસ્ટ ટેન )
સાતને પાંચ મીનીટ. Five minutes past seven ( ફાઇવ મિનીટસ પાસ્ટ સૅવન )

આઠમાં ચાર મીનીટ કમ. Four minutes to eight ( ફોર મિનીટસ ટુ એઇટ )

હજી દશ વાગ્યા નથી. It is not ten yet ( ઈટ ઇઝ નૉટ ટેન યટ )

તોપ પડી કે ? Has the gun firod ? ( હૅઝ ધી ગન ફાયર્ડ ? )

હજી પડી નથી. It is not yet fired ( ઈટ ઇઝ નૉટ યટ ફાયર્ડ )

કેટલા વાગતે તોપ પડે છે ? At what hour is the gun fired ? ( ઍટ હ્વૉટ અવર ઈઝ ધી ગન ફાયર્ડ )

બાર વાગતે. At twelve o'clock ( ઍટ ટવેલ્વ ઓ'કલૉક )

તમારૂં ઘડિયાળ ઘણું ઉતાવળું છે. Your clock is too fast. ( યૉર કલૉક ઇઝ ટૂ ફાસ્ટ )

મારૂં ઘડિયાળ ઘણું ધીમું છે. My clock is too slow, ( માય કલૉક ઇઝ ટૂ સ્લો )

તેનું ઘડિયાળ બગડેલું છે. His clock is out of order. ( હીઝ કલૉક ઈઝ આઉટ ઑફ ઑરડર )

તેને કુંચી આપવાની ભુલી ગયો. I forgot to wind it up. ( આઈ ફરગૉટ ટુ ઉવાઈન્ડ ઇટ આપ)

ઘડિયાળ બંધ પડયું હતું. The clock had stopped. ( ધી કલૉક હૅડ સ્ટૉપ્ડ)

ઘડિયાળને કુંચી આપો. Wind up the clock. ( ઉવાઇન્ડ અપ ધી કલૉક )

મને મારા ઓરડાની કુંચી આપો. Give me the key of my room. ( ગીવ મી ધી કી ઑફ માઇ રૂમ ).

તમારી પાસે તે કુંચી છે કે નહી ? Have you got the key or not ( હૅવ યુ ગૉટ ધી કી ઑર નૉટ )

હા, મારી પાસે તે કુંચી છે. Yes, I have the key. ( યસ, આઇ હૅવ ધી કી )

અમારા ઓરડામાં દીવો છે. We have a lamp in our room. ( ઉવી હૅવ આ લૅમ્પ ઇન અવર રૂમ ).

બત્તી ઓલવઇ ગઇ હતી The light was extinguished. ( ધી લાઇટ વૉઝ એક્સટીંગ્વીસ્ડ ).

દીવો લાવો. Bring a lamp. ( બ્રીંગ આ લૅમ્પ ).
બતી સળગાવો. Light the lamp. ( લાઇટ ધી લૅમ્પ ).
બતી હોલવી નાંખો. Put out the light. ( પુટ આઉટ ધી લાઇટ ).
દીવામાં તેલ નથી, There is no oil in the lamp. ( ધેર ઇઝ નો ઑઇલ ઇન ધી લૅમ્પ ).

અમે સુવા જઇએ છીએ. We go to bed. ( વી ગો ટુ બેડ ).
હજી સુવાનો વખત થયો નથી. It is not yet time to go to bed. ( ઇટ ઇઝ નૉટ યટ ટાઇમ ટુ ગો ટુ બેડ ),

તમે વેહેલા ઉઠતા નથી ? Do you not rise early ? ( ડુ યુ નૉટ રાઇઝ અર્લી ? )

સુરજ ઉગતાં હું ઉઠું છું, I rise at sunrise. ( આઈ રાઇઝ ઍટ સનરાઇઝ )
મને કાલે વહેલા ઉઠાડજો. Wake me up early to-morrow ( ઉવેક મી અપ અર્લી ટુ-મૉરો )

મને નવ વાગ્યા સુધી ઉઠાડતા ના. Do not wake me up till 9 o'clook. ( ડુ નૉટ ઉવેક મી અપ ટીલ નાઇન ઓ'ક્લૉક )

ઉઠવાનો વખત થયો છે. It is time to get up. ( ઇટ ઇઝ ટાઇમ ટુ ગૅટ અપ )

---

## વાંચન પાઠ ૫૬ મો.

કપડાં પહેરવાં. dress ( ડરેસ )
ઉંઘ. sleep ( સ્લીપ )
ઉઠવું. rise up ( રાઈઝ અપ )
મોડું. late ( લેટ )
લાગવું. feel (ફીલ)
માં. during ( ડ્યુરીંગ )
જાગ્યો. awoke ( અવૉક)
રાત. night ( નાઈટ ) .
પેશાબખાનું; સંડાસ. water-closet. ( ઉવૉટર-કલૉઝેટ )
નાહવાની જગ્યા. bath-room ( બાથ-રૂમ )
નાહાવું. bathe ( બેધ )
બોલાવવા મોકલવું. send for ( સૅન્ડ ફૉર )
હજામ. barber ( બારબર )

ઉંઘતાં. sleeping ( સ્લીપીંગ ) | ગરમ. hot ( હૉટ )
શેઠ. master ( માસ્ટર ) | પાણી. water ( વૉટર )
ગામ. village ( વીલેજ ) | સાબુ. soap ( સોપ )
ઉભા રહેવું. stay ( સ્ટે ) | મુકવું. put ( પુટ )
થોડા. few ( ફ્યુ ) | રૂમાલ. napkin ( નૅપકીન )
સગાં. relatives. ( રીલેટીવ્ઝ ). | ઓળવું. comb ( કોમ્બ )
તરફ. at ( ઍટ ). | વાળ. hair ( હેર ).
લઈ જવું take.. ( ટેક ) | બ્રુશ. brush ( બ્રશ ).
હવા ખાવા. change of air. ( ચેન્જ ઑફ એર ) | પડખે. beside ( બીસાઈડ ).
પાછા ફરવું return. ( રીટર્ન )

ઉઠો ને કપડાં પેહેરો. Get up and dress yourself ( ગૅટ અપ ઍન્ડ ડ્રેસ યૉરસેલ્ફ )

તેને ઉંઘ કેવી આવી ? How did he sleep ? ( હાઉ ડિડ હી સ્લીપ ? )

તમે એટલા મોડા કેમ ઉઠયા ? Why did you get up so late ? ( વ્હાઈ ડીડ યુ ગૅટ અપ સો લેટ ? )

હું ઘણો મોડો સુતો. I went to bed very late ( આઈ વૅન્ટ ટુ બેડ વેરી લેટ )

મને ઉંઘ આવતી નથી. I do not feel sleepy ( આઈ ડુ નૉટ ફીલ સ્લીપી )

દીવસે સુવું સારૂં નથી. It is not good to sleep during the day ( ઇટ ઇઝ નૉટ ગૂડ ટુ સ્લીપ ડયુરીંગ ધી ડે )

હું પાંચ વાગતે જાગ્યો. I awoke at five o'clock. ( આઈ અવોક ઍટ ફાઇવ ઓકલૉક ).

આજે સહવારે તે વેહેલો ઉઠયો. He got up early this morning. ( હી ગૉટ અપ અર્લી ધિસ મૉર્નીંગ ).

તે ઉઠયો કે ? Has he got up ? ( હૅઝ હી ગૉટ અપ ? )
તે ઉંઘે છે. He is sleeping. ( હી ઇઝ સ્લીપીંગ ),
તેને ઉઠાડો. Wake him up. ( વેક હીમ અપ ).

મારા શેઠ ઉઠયા કે? Has my master got up? (હૅઝ માય માસ્ટર ગૉટ અપ?)
તેઓને જઇને ઉઠાડો. Go and wake them up. ( ગો ઍન્ડ વેક ધેમ અપ ).
પીશાબ કરવાની જગ્યા ક્યાં છે? Where is the water closet ? ( વ્હેર ઇઝ ધી વૉટર-ક્લૉઝેટ ? )

નહાવાની જગ્યા કયાં છે? Where is the bath; room ? ( વ્હેર ઇઝ ધી બાથ-રૂમ ? )

તમારે નહાવું છે. Do you wish to bathe ? ( ડુ યુ વીશ ટુ બેધ ? )
હા, હું નહાવા ઇચ્છું છું. Yes, I wise to bathe. ( યસ, આઇ વીશ ટુ બેધ )

તમે એક હજામને બોલાવા મોકલશો? Will you send for a barber ?( વીલ યુ સૅન્ડ ફૉર આ બારબર ? )

નહાવાને ગરમ પાણી લાવો. Bring hot water to bathe. ( બ્રીંગ હૉટ વૉટર ટુ બેધ )

હું નહાવા જાઉં છું. I am going to bathe. ( આઇ ઍમ ગોઇંગ ટુ બેધ ).
મને પેલો સાબુ નહી આપો? Will you not give me that soap ( વીલ યુ નોટ ગીવ મી ધૅટ સોપ ? )
તમે રૂમાલ મુકયો? Did you put the napkin ? ( ડીડ યુ પુટ ધી નૅપકીન ? ).

મારે મારા વાળ ઓળવા છે? I wish to comb my hair. ( આઇ વીશ ટુ કોમ્બ માઇ હૅર )

તે શા માટે જાય છે? What is he going for ( વૉટ ઇઝ હી ગોઇંગ ફોર ? )

શું તેઓ મુંબઈ જાય છે? Are they going to Bombay ( આર ધે ગોઇંગ ટુ બૉમ્બે ).

ના, તેઓ નથી જતા. No, they are not going. ( નો, ધે આર નૉટ ગોઇંગ ).

તમે ગામ જાઓ છો ? Are you going to a village ( આર યુ ગોઇંગ ટુ આ વીલેજ ).

તમે ત્યાં રહેવા જાઓ છો ? Are you going to reside there ? ( આર યુ ગોઇંગ ટુ રીસાઇડ ધેર ? )

ના. મુંબઈમાં હું ફક્ત થોડા દહાડા રહીશ. No, I shall stay in Bombay for a few days only. ( નો, આઈ શૅલ સ્ટે ઇન બૉમ્બે ફૉર આ ફ્યુ ડેઝ ઓનલી ).

ત્યાં તમારાં કોઈ સગાં છે ? Have you any relatives there ( હૅવ યુ ઍની રીલેટીવ્ઝ ધેર )

મારો બાપ હમણા સુરતમાં છે. My father is now at Surat (માઇ ફાધર ઈઝ નાઉ ઍટ સુરત ).

તમે સુરત શા સારૂ જાઓ છો ? What takes you to Surat ( વ્હૉટ ટેક્સ યુ ટુ સુરત ).

હું ત્યાં કંઇ કાંમ સારૂ જાઉં છું. I am going there on some business. ( આઇ ઍમ ગોઇંગ ધેર ઑન સમ બિઝનેસ ).

હું ત્યાં હવા ખાવા જાઉં છું. I am going there for a change of air. ( આઇ ઍમ ગોઇંગ ધેર ફૉર આ ચેન્જ ઑફ ઍર ).

તમે પાછા ક્યારે આવશો ? When will you return ? ( વ્હેન વ્હીલ યુ રીટર્ન ? )

હું થોડા દહાડામાં પાછો આવીશ. I shall return in a few days. ( આઈ શૅલ રીટર્ન ઈન આ ફ્યુ ડેઝ ).

---

## વાંચન પાઠ ૫૭ મો.

સુખી. Happy ( હૅપી )  
મુસાફરી. journey ( જર્ની )  
મહીનો. month ( મન્થ )  
પણ વળી. Too ( ટુ )

મળ્યું. received ( રીસીવ્ડ )
શેહેર. town ( ટાઉન )
નક્કી, ચોક્કસ. certain ( સરટન )
બીજું, આવતું. next ( નૅક્સ્ટ. )
મોટો છોકરો. Master. ( માસ્ટર )
મોટું. Large. ( લાર્જ )
કુટુંબ Family. ( ફૅમીલી )
માણસો. Mon. ( મેન )
પરણેલો Married. ( મૅરીડ )
એકલો. Single. ( સીંગલ )
કુંવારો. Bachelor. ( બૅચેલર )

જુવાન. young ( યંગ )
છોકરી. miss ( મીસ )
તે પોતે. herself ( હરસૅલ્ફ )
ઘરડી. old ( ઓલ્ડ )
હજી. Still. ( સ્ટિલ )
તોડ્યું. Broke off ( બ્રોક ઑફ )
કાજ. Match ( મૅચ )
પોતાની બાયડી. Wife ( ઉવાઇફ )
રંડાયલી. Widow. ( ઉવીડો )
સખ્સ. Fellow. ( ફેલો )
રંડાયલો. Widower, ( ઉવીડોઅર )

સુખી મુસાફરી ઇચ્છું છું. I wish him a happy journey. ( આઇ ઉવીશ હીમ આ હૅપી જર્ની )

તે ભરૂચ ગયો છે. He has gone to Broach ( હી હૅઝ ગૉન ટુ બ્રોચ )

તે પાછો ક્યારે આવશે ? When will he return ( ઉવ્હૅન ઉવીલ હી રીટર્ન. )

આવતા અઠવાડિયામાં આવશે. He will come in the next week ( હી ઉવીલ કમ ઇન ધ નૅક્સ્ટ ઉવીક )

તમે તે કેમ જાણ્યું ? How did you know that ? ( હાઉ ડિડ યુ નો ધૅટ ? )

મને કાગળ મળ્યો હતો. I had received a letter. ( આઇ હૅડ રી-સીવ્ડ આ લૅટર. )

તમને સુરત કેવું લાગે છે ? How do you like Surat ( હાઉ ડુ યુ લાઇક સુરત. )

મને તે શેહેર ઘણું ગમે છે. I like that town very much. ( આઈ લાઇક ધૅટ ટાઉન વૅરી મચ. )

તમે પાછા ત્યાં ક્યારે જશો ? When will you go back there ( ઉવ્હૅન ઉવીલ યુ ગો બૅક ધૅર )

તે ચોક્કસ નથી. It is not certain. ( ઈટ ઈઝ નૉટ સરટન )

આવતે મહીને હું પુને જઇશ. Next month I shall go to Poona ( નૅક્સ્ટ મન્થ આઇ શૅલ ગો ટુ પૂના )

હું તમારી સાથે આવીશ. I will come with you. ( આ ઈ વીલ કમ વીથ યુ )

પેલી જુવાંન બાઇ કોણ હતી ? Who was that young lady ? ( હુ વૉઝ ધૅટ યંગ લેડી ? )

તે તેણી પોતે છે. It is she herself. ( ઇટ ઇઝ શી હરસૅલ્ફ )

તે ઘરડી બાઇ કોણ છે ? Who is that old lady ? ( હુ ઈઝ ધૅટ ઓલ્ડ લેડી? )

હું તેને ઓળખતો નથી. I don't know her. ( આઈ ડોન્ટ નો હર )

પેલો જુવાંન શખ્સ કોણ છે ? Who is that young man ? ( હુ ઇઝ ધૅટ યંગ મૅન ? )

રાંમજીનો છોકરો. Master Ramjee. ( માસ્તર રામજી )

તેનું મોટું કુટુંબ છે. He has a large family. ( હી હૅઝ આ લાર્જ ફૅમીલી )

તેઓ સારાં માણસ છે. They are good men. ( ધે આર ગુડ મૅન )

તમે પરણેલા છો કે ? Are you married ? ( આર યુ મૅરીડ ? )

તેઓ પરણ્યા છે કે ? Are they married ? ( આર ધે મૅરીડ ? )

નહીં, હું કુંવારો છું. No, I am a bachelor. ( નો, આઇ ઍમ આ બૅચેલર )

તમે કયારે લગન કરવાના છો ? When are you going to marry ( હ્વેન આર યુ ગોઇંગ ટુ મૅરી )

મારે હમણા પરણવું નથી. I don't like to marry now. ( આઇ ડોન્ટ લાઇક ટુ મૅરી નાઉ )

એમ કેમ ? Why so ? ( હ્વાહે સો ? )

કારણ હું નાનો છું. Because I am young. ( બીકૉઝ આઇ ઍમ યંગ )

તમારો ભાઈ પરણેલો છે કે ? Is your brother married ? ( ઇઝ યૉર બ્રધર મૅરીડ ? )

ના, તે કુંવારો છે. No, he is a bachelor. ( નો, હી ઇઝ આ બૅચેલર )

તે હજી કુંવારો છે ? Is he still a bachelor ? ( ઇઝ હી સ્ટિલ આ બૅચેલર ?)

તેણે કાર્જ તોડયું. He broke off the match. ( હી બ્રોક ઑાફ ધી મૅચ )

મેં બાયડી કીધી. I took a wife. ( આઇ ટુક આ ઉવાઈફ )

તેણી પરણેલી છે કે ? Is she married ? ( ઇઝ શી મૅરીડ ? )

તેણી રંડાએલી છે. She is a widow. ( શી ઈઝ આ ઉવીડો )

અને પેલો ? And that man ? ( ઍન્ડ ધૅટ મૅન ? )

તે પણ રંડાએલો છે. He is also a widower. ( હી ઇઝ ઑાલ્સો આ ઉવીડોઆર )

આ બાઇ કોણ છે. Who is this lady ( હુ ઈઝ ધીસ લેડી )

## વાંચન પાઠ ૫૮ મો.

જાય છે. Is passing. ( ઇઝ પાસીંગ )

બાહાર નીકળ્યા. Set out. ( સૅટ આઉટ )

સાથે [illegible] ( ટુગેધર )

આશા રાખવી Hope. ( હોપ )

ફતેહ પામવું. Succeed. (સકસીડ)

શકતો નથી. Cannot ( કૅનનૉટ )

ઉપકારી. obliged ( ઓબ્લાઈજ્ડ )

તેજ, સરખું. same (સેમ)

અરજ કીધી. requested ( રીક્વૅસ્ટેડ )

અરજ કરવી, request ( રીક્વેસ્ટ )

યાદ રાખવું. remember ( રીમેમ્બર )

કાંઇ નહીં. nothing ( નથીંગ )

દરજી. Tailor. ( ટેલર )

સુથાર. Carpenter. ( કારપૅનટર )

પેહેરવું. Put on. ( પુટ ઑાન )

પાઘડી. Turban. ( ટર્બન )

ઉંચાઇ. Height. ( હાઈટ )

ખોટ પુરી. Made up loss. ( મેડ અપ લૉસ )

આભારી Thankful. ( થૅન્કફુલ)

નાઉમેદ કરવું. disappoint ( ડીસઍપૉઇન્ટ )

મને. to me ( ટુ મી )

કોશીશ કરવી. try ( ટ્રાય )

સૌથી સરસ. best ( બૅસ્ટ )

હેત, મેહેરબાની. favour ( ફેવર )

તે કોણ જાણે છે ? Who is that passing ? ( હુ ઈઝ ધૅટ પાસીંગ ? )
તેણે મને જોયો નહીં. He saw me not. ( હી સૉ મી નૉટ )
તે પોતે અહિંયાં છે. He himself is here. ( હી હીમસૅલ્ફ ઇઝ હીયર )
તેઓ સાથે નીકળ્યા. They set out together. ( ધે સૅટ આઉટ ટુગેધર )
તે ઘેર પાછો આવ્યો. He returned home. ( હી રીટર્ન્ડ હોમ )
શું તે દરજી છે ? ) Is he a tailor ? (ઇઝ હી આ ટેલર ? )
નહીં, તે સુથાર છે. No, he is a carpenter. ( નો, હી ઈઝ આ કારપેન્ટર )
તેઓ કપડાં પેહેરે છે. They put on their clothes. ( ધે પુટ ઑન ધેર ક્લોથ્ઝ )

હું તેની પાઘડી પેહેરું છું. I put on his turban, ( આઇ પુટ ઑન હીઝ ટર્બન )

તમે તેની ઉમર શું ધારો છો ? What do you think his age to be ? ( વૉટ ડુ યુ થિંક હીઝ એજ ટુ બી ? )

તે મારા જેટલો ઉંચો છે. He is about my height. ( હી ઇઝ અબાઉટ માઈ હાઇટ )

તેણી તેમાં ફતેહ પામી She succeeded in it. ( શી સકસીડેડ ઈન ઈટ )
હું તેમાં ફતેહ પામવાની આસા રાખું છું. I hope to succeed in it. ( આઇ હોપ ટુ સકસીડ ઇન ઇટ )

મારી ખાતરી છે કે તે તમારાથી થશે નહીં. I am sure you cannot do that. ( આઇ ઍમ શ્યૉર યુ કૅનનૉટ ડુ ધૅટ )
તેણે ખોટ પુરી. He made up his loss. ( હીમેડ અપ હીઝ લૉસ )
હું તેનો આભારી છું. I am thankful to him. ( આઈ ઍમ થૅન્કફુલ ટુ હીમ )

હું એમ કહી શકતો નથી. I cannot say so. ( આઈ કૅનનૉટ સે સો ).
હું હમણા તમને કહી શકતો નથી. I cannot tell you now. ( આઇ કૅનનૉટ ટેલ યુ નાઉ ).

હું પાછો આવું ત્યાં સુધી વાટ જોજો. Wait till I return. ( ઉવેટ ટિલ આઇ રીટર્ન )

હું તમારો મોટો ઉપકાર માનું છું I thank you much obliged to him ( આઈ ઍમ મચ ઓબ્લાઇજ્ડ ટુ હીમ ).

તેનું કાંઇ નહીં. It does not matter ( ઇટ ડઝ નૅાટ મૅટર ).

મારે બધું સરખું છે. It is all the same to me. ( ઇટ ઇઝ ઑાલ ધી સેમ ટુ મી ).

તમારે માટે મારેથી બનશે તેટલું કરીશ. I will try my best for you. ( આઈ ઉવીલ ટ્રાઇ માઇ બૅસ્ટ ફૉર યુ ).

તમે તેના ઉપર એક મેહેરબાંની કરશો ? Will you do him a favour ? ( ઉવીલ યુ ડુ હીમ આ ફેવર ? ).

મને નાઉમેદ કરતા ના. Do not disappoint me. ( ડુ નૅાટ ડિસઍપૅાઇન્ટ મી )

મેં તેને અરજ કીધી. I requested him. (આઈ રીકવેસ્ટેડ હીમ).

હું તમને અરજ કરૂં છું. I request you. ( આઈ રીકવેસ્ટ યુ ).

તમને તે યાદ છે ? Do you remember that ! ( ડુ યુ રિમેમ્બર ધૅટ ).

મને તે યાદ છે. I remember it ( આઇ રીમેમ્બર ઇટ ).

તમને શું યાદ છે ? What do you remember ? (ઉવૉટ ડુ યુ રિમેમ્બર ? )

મને કાંઇ યાદ નથી. I remember nothing. ( આઈ રિમ્બર નથીંગ ).

તમે પેલી ચોપડી લાવ્યા કે ? Did you bring that book ? ( ડડ યુ બ્રીંગ ધૅટ બુક ? ).

ના, ભુલી ગયો. No, I forgot to bring it. ( નો, આઈ ફરગૅાટ ટુ બ્રીંગ ઇટ ).

## વાંચન પાઠ ૫૮ મો.

| | |
|---|---|
| ભુલી ગયો. forgot ( ફરગૉટ ) | બેદરકાર. careless ( કેરલેસ ) |
| જરૂર. positively ( પૉઝીટીવલી) | ગાવું. sing (સીંગ) |
| ચુકવું. fail ( ફેલ ) | ગીત. song ( સૉંગ ) |
| યાદ દેવાડવું. remind ( રીમાઈન્ડ ) | ગમવું. like ( લાઇક ) |
| બેમાંનુ એક. either ( ઈધર ) | ત્યારે. then ( ધેન ) |
| જોયેલું. seen ( સીન ) | શીખવું. learn ( લર્ન ) |
| લીધી. taken ( ટેકન ) | અંગ્રેજી. English ( ઇંગ્લિશ ) |
| હલકું. low ( લો ) | ભરૂસો રાખવો. depend ( ડીપૅન્ડ ) |
| મોટેથી. aloud ( એલાઉડ ) | બોલ. word ( વર્ડ ) |
| ઘડિઆળ. watch ( વૉચ ) | પાળવો. keep ( કીપ ) |
| જોઇએ. want ( વૉન્ટ ) | તોડવું. break ( બ્રેક ) |
| વચન આપવું. promise (પ્રોમીસ) | આશા રાખવી. hope( હોપ ) |

હું તે લાવવાનું ભુલી ગયો. I forgot to bring it ( આઇ ફરગૉટ ટુ બ્રીંગ ઇટ )

કાલે તે જરૂર લાવજો, bring it positively to-morrow (બ્રીંગ ઈટ પૉઝીટીવલી ટુ-મૉરો )

તે લાવવાને ચુકતા નાં. Don't fail to bring it ( ડોન્ટ ફેઈલ ટુ બ્રીંગ ઇટ)

તે વીષે મને યાદ દેવાડજો. Remind me of it ( રીમાઇન્ડ મી ઑફ ઇટ )

હું કદાચ તે લાવીશ અથવા મોકલીશ. I will either bring it or send it ( આઇ વીલ ઇધર બ્રીંગ ઈટ ઑર સૅન્ડ ઇટ )

મને આ ચોપડી જોઇએ છીએ. I want this book ( આઈ વૉન્ટ ધિસ બૂક)

આ ચોપડી તમારા ભાઇને આપજો. Give this book to your brother ( ગીવ ધીસ બૂક ટુ યૉર બ્રધર )

હેઠે જઇને મારી ચોપડી લાવો. Go down and bring my book (ગો ડાઉન ઍન્ડ બ્રીંગ માય બૂક)

તમે મારી ચોપડી જોઇ કે? Have you seen my book? ( હૅવ યુ સીન માય બૂક? )

તેણે કઈ ચોપડી લીધી છે? Which book has he taken? ( હ્વીચ બૂક હૅઝ હી ટેકન? )

તે ઘણો બેદરકાર છે. He is very careless ( હી ઈઝ વૅરી કૅરલેસ )

તમે એક ગીત ગાવો. You sing a song ( યુ સીંગ આ સૉંગ )

મને ગાવાનું નથી ગમતું. I don't like to sing (આઇ ડૉન્ટ લાઈક ટુ સીંગ)

ત્યારે તમને શું ગમે છે? What do you like then? ( હ્વૉટ ડુ યુ લાઈક ધેન? )

મને અંગ્રેજી શીખવાનું ગમે છે. I like to learn English ( આઇ લાઈક ટુ લર્ન ઇંગ્લિશ )

તમે "ઇંગ્લીશ ટીચર" વાંચો. You read "English Teacher" ( યુ રીડ "ઇંગ્લિશ ટીચર" )

